TITLE CODE: GUJGUJ 15959

# ધી ઓપન પેજ

SINCE - 1968

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

EDITOR: ARCHIT LABHUBHAI BHATT

MONTHLY NEWS PAPER

Vol.No-1, Issue No-9 | Ahmedabad, Tuesday 05/04/2016 | www.theopenpage.co.in | Page -12 | Price: ₹30/- | Annual Subsription: ₹360/-

Place of Publication: Tripada Education Trust Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad - 380061 • Phone No. 079-27621385/86

## આ અંકમાં શું વાંચશો?




શું આપની પાસે દેશ માટે દસ મિનિટ છે? ૨




'ઘરમાં પડ્યાં પ્રેમના પગલાં' ૩



દીકરી વ્હાલનો દરિયો ૪



ગિફ્ટ ૫



સમરમાં સંભારણાંરૂપ બની જતો પ્રવાસ જમ્મુ-કાશ્મીર ૬-૭


ધી ઓપન પેજ

SINCE - 1968

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

લવાજમ ફોર્મ

વધુ માહિતી પેજ નં.૮

# શક્તિમાન વર્તમાન

જીવનની "આ ક્ષણ" એટલે વર્તમાન જેને તમે માણી રહ્યા છો, જીવી રહ્યા છો. આ આર્ટીકલ વાંચ્યા પછી જો તેનો અમલ કરવાનું શરૂ કરી દેશો તો એક નવું જીવન મળી જ જશે. તે નિર્વિવાદ બાબત છે. પણ, Condition apply જો તેનો અમલ કરશો તો જ.

તો ચાલો, જીવન જીવી લઈએ, જીવન જીતી લઈએ, જીવન માણી લઈએ...

જેનો વર્તમાન સારો, તેના ત્રણેય કાળ સારા, કેમ? જેનો વર્તમાન સારો હોય, તેનો ભુતકાળ ચોક્કસ સારો જ હોય અને જેનો વર્તમાન અને ભુતકાળ સારો હોય તેનું ભવિષ્ય અવશ્ય ઉજ્જવળ હોય જ. પણ તે માટે જરૂરી છે, સતર્કતા અને જાણપણું. તે કેવી રીતે રખાય, તો ચોલો જાણીએ એક પ્રસંગ દ્વારા.

દરિયાકાંઠે ફરવા આવેલા એક હિરાના વેપારીનો કિંમતી હિરો ત્યાં જ ખોવાઇ ગયો. અતિવ્યાકુળતા સાથે તે જ્યાં બેઠો હતો તેની નજીકના કાંકરાઓને હાથમાં લે જૂએ અને દરિયામાં ફેંકે.., કાંકરાઓને હાથમાં લે જૂએ અને દરિયામાં ફેંકે.. પછી તો આ એક પ્રતિક્ષિપ્ત ક્રિયા થઇ ગઇ. કાંકરાને હાથમાં લે જૂએ અને દરિયામાાં ફેંકે... પછી થોડા સમય પછી એવું બન્યું કે કાંકરાઓને હાથમાં લીધા જોયા અને તેમાં એ ખોવાયેલો હિરો હતો... હવે તો આ તેના જીવનની ક્રિયા પ્રતિક્ષિપ્ત બની ચૂકી હતી. એટલે નાંખ્યો દરિયામાં એને થયું અરે..! આ શું થયું..? મિત્રો, આવી જ રીતે આપણે જીવીયે છીએ. જિંદગી જાણવા છતાં ખબર રહેતી નથી... એટલે જ તો આ આર્ટીકલ આપને જગાડવા, જીવાડવા અને માણી લેવા માટે લખવામાં આવ્યો છે.

આપણે સ્વમૂલ્યાંકન કરીએ કે, આવું તો આપણે કાંઇ નથી કરતાં ને જે ખોવાઇ ગયું છે, પાછું હાથમાં આવ્યું છે તેને વેડફી ના દઈએ, નાંખી ના દઈએ... આપણા જીવનને પ્રતિક્ષિપ્ત ક્રિયા ના બનાવી દઈએ. વર્તમાનને ખોઇ ના બેસીએ...

જાગો અને ધ્યેય પ્રાપ્તિ ન મળે ત્યાં સુધી મંડ્યા રહો.

એટલે જ તો ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, નિરંતર વિચાર કરવો કે મારે શું કરવાનું છે અને હું શું કરી રહ્યો છુ? અને મને અહી ઉમેરવાનું મન થાય છે કે, સાથે એ પણ વિચારો કે મારે શું નથી કરવાનું અને તે હું કરી રહ્યો છું.

તો હવે આપણે સૌ આપણને મળેલા આ વર્તમાન, "આ ક્ષણ" ઉપર ધ્યાન આપી "NOW" અબ ઘડી "આ પળ" ઉપર જ આપણાં આસ્તિત્વને આપણા "being" સાથે જોડી દઈએ સાથે મનની એકાત્માને એકરૂપ કરી, મળેલ વર્તમાન ક્ષણને જાણી લઇ અને જીવી લઈએ તે જ આજના દિવસે અભ્યર્થના.

જીવન, જીવંત બની જાય, જીવન- મંગલ બની જાય, અને જીવન આપનું ઉત્સવ બની જાય તેવી કામના સહ, આપણે પણ ઉત્તરોતર પ્રગતિ કરી આપણા આજના જીવનને ઉત્મોત્તમ બનાવવાની દિશામાં આગળ વધીએ. વિચારીએ, વર્તીએ, અને આગળ વધીએ તેવી અભ્યાર્થના સહ.



**નરેન્દ્ર રાઠોડ**
સેક્રેટરી ટુ ડાયરેક્ટર જનરલ,
સ્પીપા, અમદાવાદ



# બાળકોનાં વિકાસમાં માતૃભાષાનું મહત્વ

ચિનુભાઇ મોદીનો માતૃભાષા વિશેનો લેખ વાંચતા-વાંચતા મને આપણા ગુજરાતી કવિ શ્રી ઉમાશંકર જોશીની આ પંકતિ યાદ આવી. તેમણે લખ્યું હતું કે, 'સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી.' તેથી અહીં મને પણ એમ થયું કે - લાવને હું પણ મારી ગરવી ગુજરાતી ભાષા વિશે એટલે કે માતૃભાષા વિશે કંઇક લખું. માટે માતૃભાષા વિશેના વિચારો રજૂ કર્યા છે.

યુનેસ્કોની સામાન્ય સભાએ નવેમ્બર ૧૯૯૯માં તારીખ ૨૧મી ફેબ્રુઆરીએ 'માતૃભાષા દિન' તરીકે ઉજવવાનો ઠરાવ પસાર કર્યો. ત્યારબાદ ઇ. સ. ૨૦૦૦થી વિશ્વ સંસ્થા આ ઉજવણી દ્વારા વિશ્વના બધા દેશો આ દિવસે પોતપોતાની માતૃભાષાનું ગૌરવગાન કરે અને તેની જાળવણી તથા સંવર્ધન માટે કાર્યરત રહે તેવો સંદેશ વિશ્વસંસ્થા બધા દેશોને પાઠવે છે.

આધુનિક યુગ ઇન્ફોર્મેશન અને ટેકનોલોજીનો યુગ છે. આજે ઇ-લર્નિંગનું મહત્વ ખૂબ જ વધ્યું છે. જેના કારણે અંગ્રેજી ભાષાનું જ્ઞાન મેળવવું અતિ આવશ્યક છે. 'હા' આપણે સૌ આ વાત સાથે સહમત છીએ. પરંતુ શું આ વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં આપણે ક્યારેય એ વિચાર્યું છે. કે - આપણું બાળક ભાષાકીય રીતે કેટલું સુસજ્જ છે? તેનું શબ્દ ભંડોળ કેટલું શુદ્ધ છે? તેને કઇ ભાષામાં રસ છે? ખરેખર, અહીં આપેલા પ્રશ્નો વિચાર માગી લે છે. અને વિચારવા માટે સમયની જરૂર છે. જો તમારી પાસે સમય હોય તો તમે ચોક્કસ વિચાર કરજો. કારણ કે - 'શિક્ષણની સોનોગ્રાફિ' નામના પુસ્તકમાં ઉદયવલ્લભ વિજયજી મહારાજ ની નોંધ છે કે અંગ્રેજી માધ્યમ પ્રત્યેની મા-બાપની ઘેલછા જ બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણવા મજબૂર કરે છે. આવા મા-બાપને જ્યારે સમજાવવામાં આવે છે ત્યારે તેમની દલીલ હોય છે કે, સમય પ્રમાણે વર્તવું જોઇએ ને! તેના આ અભિગમને કારણે આજે આપણી માતૃભાષા દીન થતી જાય છે.

આપણે અહીં માતૃભાષા વિશેની વાત કરીએ છીએ. ત્યારે જો આપણે આપણા જ ઘરમાં નિરીક્ષણ કરીએ તો નાનું બાળક પોતાની કાલીઘેલી ભાષામાં પોતાના વિચારો રજૂ કરતું હોય છે. તેને સાંભળવાની ખૂબ જ મજા આવે છે. તેથી જ તો કહેવાય છે કે - માતૃભાષા તો માતાના ધાવણ જેવી છે. જેમ માતાનું દૂધ બાળકને મજબૂત બનાવે છે તેમ માતૃભાષા પણ બાળકને ભાષાકીય રીતે સુસજ્જ બનાવે છે.

એક વખત મે એક વાલીને પ્રશ્ન પૂછ્યો - તમે તમારા બાળકને ક્યા માધ્યમમાં શિક્ષણ આપશો ત્યારે તેમણે મને જવાબ આપતા કહ્યું કે મારું બાળક જે ભાષામાં સપના જુએ છે તે, જે ભાષામાં એટલે કે તે જ માધ્યમમાં હું તેને ભણાવીશ. ટૂંકમાં કહું તો હું મારા બાળકને ગુજરાતી માધ્યમમાં જ ભણાવીશ. ખરેખર તેમની વાત પણ સાચી જ છે. કારણ કે ઘરમાં જે વાતાવરણ હોય તે પ્રમાણેનું વાતાવરણ શિક્ષણ ક્ષેત્રે પણ મળી રહે તો બાળક સરસ રીતે આગળ વધી શકે છે.

દા.ત. ગુજરાતી માધ્યમની શાળામાં દાખલ થતું બાળક ગુજરાતી શબ્દભંડોળની પૂરતી મૂડી લઇને શાળામાં પ્રવેશે છે તેથી તેને શાળામાં શીખવવામાં આવતા વિષયવસ્તુને સમજવાની સરળતા રહે છે. જ્યારે અંગ્રેજી માધ્યમની શાળામાં પ્રવેશતું ગુજરાતી બાળક અંગ્રેજી શબ્દો, ચિત્ર-વિચિત્ર ઉચ્ચારણો તથા અંગ્રેજી વાક્યોની ગોખણપટ્ટી શરૂ કરે છે. તેનાં સંદર્ભમાં રવિન્દ્રનાથ ટાગોર કહે છે તમે અંગ્રેજી શિક્ષણના પહેલા કોળિયે જ બાળકના બત્રીસ દાંત હલી ઉઠે છે. મોંમા જાણે કે ધરતીકંપ થાય છે.

'ભાર વિનાનું ભણતર' અભિગમના પ્રણેતા પ્રો. યશપાલ કહે છે, કે નાના બાળનું મગજ પ્રારંભમાં સ્વર, પ્રતીકો અને અર્થ સાથે પોતાના મગજનાં જ્ઞાનતંતુઓનો સંબંધ પોતાની માતૃભાષામાં જોડવાનું શરૂ કરે છે. તેના મગજનો વિકાસ તેની આસપાસના ભાષાકીય વાતાવરણ સાથે નિર્ણયાત્મક રીતે સંકળાયેલો છે. અને વળી, માનસ વિદોએ પણ પોતાના સંશોધનો દ્વારા કહ્યું છે. કે જ્યારે બાળક વિજ્ઞાન કે સામાજિક વિજ્ઞાન જેવા વિષયો અંગ્રેજી માધ્યમમાં શીખે છે ત્યારે સૌ પ્રથમ તો તે વિષયોના પારિભાષિક શબ્દોનો તેઓ મનોમન પોતાની માતૃભાષામાં અનુવાદ કરે છે. તેમાં તેની માનસિક શક્તિ ખૂબ જ ખર્ચાય છે. ત્યારબાદ તે શબ્દોનું પોતાની માતૃભાષામાં અર્થઘટન કરી તેની આકૃતિ પોતાના માનસપટ પર ઉપસાવવામાં તેની વધારાની શક્તિ વપરાય છે. ત્યારબાદ આ અર્થઘટનને અંગ્રેજી ભાષામાં ઢાળવામાં બાકીની શક્તિ ખર્ચાય જાય છે. આમ, શાળામાંથી બાળક જ્યારે પરત ફરે છે. ત્યારે એટલું તે થાકી ગયું હોય છે કે અન્ય કોઇ પણ પ્રવૃતિ કરવામાં તેને રસ જ નથી રહેતો. તે ઘરે આવીને થોડો નિરાંતનો શ્વાસ લે ત્યાં તો વળી તેને ટ્યુશન નામના ટિપ્પણામાં પૂરી દેવાય છે. ત્યાં ફરી પાછા તેના મગજમાં ભારેભરખમ વાક્યોની રાસાયણિક પ્રક્રિયા શરૂ થાય છે. આ બધું ગોખીને બાળક તેની ઉત્તરવહીમાં ઓકી દે છે અને આપણે તેને તેની ઝળહળતી સફળતા માની બેસીએ છીએ. પરંતુ અહીં ખરા અર્થમાં બાળકનો જે સર્વાંગી વિકાસ થવો જોઇએ તે થતો જ નથી.

આપણી માતૃભાષામાં લખાયેલા સાહિત્યમાં વિચારોનું જ વૈવિધ્ય, સૌંદર્ય, ગાંભીર્ય અને લાઘવ છે. તે ખરેખર અદ્દભૂત છે, અવર્ણનીય છે. જો આપણે તેનું ખરા અર્થમાં રસપાન કરવું હોય તો માતૃભાષાને 'દીન' થતી અટકાવવી જોઇએ. તેમજ સાચું ગુજરાતી બોલો સારૂ ગુજરાતી બોલો, વટથી ગુજરાતી બોલો. અંતે તો એટલું જ કહીશ કે -

'સંસ્કૃતને શાનથી બોલો, ગુજરાતીને ગર્વથી બોલો, હિન્દીને હોંશથી બોલો અને અંગ્રેજીને આદરથી બોલો.'



**ખ્યાતી લખાણી**
મદદનીશ શિક્ષક, રોઝરી સ્કૂલ, રાજકોટ




# શું આપની પાસે દેશ માટે દસ મિનિટ છે?

"ડૉ. એ.પી.જે અબ્દુલ કલામજીના સંદેશ માંથી......"

શ્રી એ.પી.જે અબ્દુલ કલામ તરફથી એક સંદેશો ઇન્ટરનેટ ઉપર દેશના લોકોને શ્રેષ્ઠ નાગરિક બનાવવા માટે ભાર મૂકવામાં આવ્યો હતો. એ સંદેશાને વધુ લોકપ્રિયતા મળી હતી. નિરાલા ઇ-મેઇલ સંદેશા વડે ડૉક્ટર કલામે ઘરના એક વડીલ વ્યક્તિની હેસિયતથી ભારતના દેશવાસીઓને એવો મીઠો ઠપકો આપ્યો છે કે, જે લોકો આવો સંદેશો વાંચે તેને પોતાની જાત પર શરમ આવવા લાગે. તેમના તરફથી એવી સલાહ આપવામા આવી છે કે દરેકના મનમાં ભારત અને ભારતીયતા પ્રત્યે ગૌરવ ઉત્પન્ન થાય છે.

ડૉક્ટર કલામે પાતાના સંદેશાની શરૂઆતમાં જ પૂછ્યું કે, શું તમારી પાસે દેશ માટે દસ મિનિટનો સમય છે? જો છે તો આ સંદેશો અવશ્ય વાંચો, નહિ તો તમારી મરજી, ત્યાર બાદ દેશના લોકોની વિચાર ધારા બતાવીને તેઓ કહે છે કે,

આપ કહો છો કે, અમારી સરકાર કામ નથી કરતી.

આપ કહો છો કે, અમારા કાયદા જૂના થઇ ગયા છે.


આપ કહો છો કે, રેલ્વે મજાક બની ગઇ છે. આખી દુનિયામાં અમારી એરલાઇન્સ બધા કરતા ખરાબ છે.

પોસ્ટના કાગળો ઉપરના માળ સુધી પહોંચાડવામાં આવતા નથી.

આપ કહો છો કે, અને કહેતાં રહો છો. આપે આ વિષયમાં શું કર્યું?

ત્યારબાદ કલામજીએ કહ્યું કે, એમ ધારી લેવામાં આવે કે એક વ્યક્તિ સિંગાપુર જઇ રહી છે. આવી વ્યક્તિને તમો તમારું નામ આપો અને તમે તેને તમારી સીકલ આપો,

આજે તમે દુનિયાના સર્વ શ્રેષ્ઠ હવાઇ અડ્ડા ઉપર ઉતરો છો. સિંગાપુરમાં તમો તમારી સિગારેટનું ઠૂંઠૂ રસ્તા ઉપર ફૈકતા નથી. અને સ્ટોરમાં ખાવાનું ખાતા નથી.



તમે તેમના ભૂમિગત સંપર્કો ઉપર જલન મહેસૂસ કરો છો તેમ સાંજે ૫ થી ૮ વાગ્યાના સમય દરમિયાન આચર્ડ રોડ પર ચાલવા માટે આશરે ૧૦૦ રૂપિયા ચૂકવો છો.

વૉશિંગ્ટનમાં તમે ૫૫ માઇલની ઝડપ કરતા વધારે ગાડી ચલાવવાની હિંમત કરી શકતા નથી. અને એમ પણ કહીં શકતા નથી કે, જાણો છો? હું કોણ છું? હું ફલાણો ફલાણો વ્યક્તિ છું. અને ફલાણી વ્યક્તિ મારા બાપ છે.

ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના સમુદ્ર કિનારાઓ ઉપર તમે ખાલી નાળિયેર હવામાં ઉડાડી શકતા નથી.

ટોકિયોમાં તમે પાન ખાઇને રસ્તા પર ગમે ત્યાં થુંકી શકતા નથી.

બોર્સ્ટનમાં તમે બનાવટી પ્રમાણપત્ર કેમ ખરીદતા નથી.

કલામજી કહે છે કે મારા ભારતીય મિત્રો હું તમારા માટે જ વાત કરી રહ્યો છું. તમે બીજા દેશોની વ્યવસ્થાનું પાલન કરી શકો છો. અને તેને આદર આપો છો, પરંતુ આપણા પોતાના દેશની વ્યવસ્થાનું આદર અને પાલન કરતાં નથી. જેવા તમે ભારતની ધરતી પર પગ મૂકો છો તુરંત સિગરેટનું ઠૂંઠૂ હવામાં ઉડાવો છો, ફેંકો છો, કાગળના ટુકડાઓ ઉડાવી દો છો, જો તમે બીજા દેશોમાં તમારી જાતને પ્રશંસનીય નાગરિક બનાવી શકો છો તો પછી તમો તેવા નાગરિક ભારત દેશમાં કેમ બની શકતા નથી.

તેમને ઉદાહરણ આપતા જણાવ્યું કે મુંબઇ મહાનગર પાલિકામાં શ્રીમંત લોકો પોતાના કૂતરાને લઇને રસ્તા ઉપર ફરવા નીકળે છે અને જ્યાં ત્યાં ગંદકી કરીને પાછો ઘરે પહોંચી જાય છે. અને ગંદકી માટે સત્તાવાળાને દોષ આપે છે.

અમેરિકા અને જાપાનમાં કૂતરાએ કરેલી ગંદકી કૂતરાના માલિકે ને પોતે સાફ કરવી પડે છે.

કલામજીના સંદેશાના આધારે હું આપશ્રી ને પૂછું છું કે કોણ આ વ્યવસ્થાને બદલશે? આ વ્યવસ્થા કોની? તો તમે તરતં જ સરળતાથી જવાબ આપશો કે અમારા પાડોશી, આજુબાજુના ઘરવાળા, બીજા શહેરો, અન્ય સમુદાય અને આપણી ભારત સરકાર પરંતુ તેમાં આપનો એટલે કે 'મારો' સમાવેશ બિલકુલ ના થાય.

દેશના શ્રેષ્ઠ નાગરિક બનવા માટેની શરૂઆત કરવા ડૉક્ટર કલામજી એ અપીલ કરતા જણાવ્યું કે, જો આ સંદેશામાં જે કાંઇ પણ કહેવામાં આવ્યું છે તે તેની સાથે તમે સહમત છો તો તમે તમારા બીજા દસ સાથીઓને આવા કામમાં સામેલ કરો, અને તેમને આ સંદેશો મોકલો.

ચાલો, આપણે આત્મચિંતન કરીએ અને આ સંદેશાનો સહદયથી અમલ કરીને આપણે આદર્શ નાગરિક બનીએ, તથા વિશ્વમાં ભારતને 'આદર્શ રાષ્ટ્ર' બનાવવામાં યોગદાન આપીએ.

'જય ભારત'



**સથવારા નિમિષા**
પ્રિન્સીપાલ, ત્રિપદા હાઇ સ્કૂલ

**વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

## ત્રિપદા હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા યોજેલ 'શેરી નાટક'

# 'ઘરમાં પડ્યાં પ્રેમના પગલાં'






ત્રિપદા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા શેરી નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘાટલોડિયા વિસ્તારના સ્વામી અખંડાનંદ અને કે.કે નગરમાં શેરી નાટક ભજવવામાં આવ્યું. આજના આધુનિક યુગમાં ટેકનોલોજીએ સ્થાન લીધું છે, ત્યારે સમાજ અને કુટુંબમાં કેટલાક સદ્‌ગુણો લુપ્ત થઈ જતાં જોઈએ છીએ. આજનો માનવ વૈભવ અને સફળતાની પાછળ સરી જતી હોઈ, ઘરમાં પ્રેમ અને શાંતિનો અનુભવ કરી શકતો નથી. માટે ઘરમાં કૌટુંબિક પ્રેમ જળવાય એ હેતુસર શેરીનાટકનું આયોજન કરવામાં આવ્યું. નાટકની રજૂઆત નીચે પ્રમાણે કરવામાં આવી.

એક સુંદર ફૂલ ગુલાબી સવાર હતી. રોજની જેમ સૂરજના ચળકતા સોનેરી કિરણો તેનો પ્રકાશ પાથરતા હતા. એક સુંદર ઘરમાં રહેતી સ્ત્રીએ રોજની જેમ સમાચાર પત્ર લેવા દરવાજો ખોલ્યો. દરવાજો ખલતાની સાથે સ્ત્રીએ બે વૃદ્ધ સ્ત્રી અને લાંબી દાઢીવાળા બે પુરુષોને સોસાયટીમાં બેઠેલાં જોયાં. અજાણ્યા ચહેરાઓને જોઈને તેણે ખચકાટ અનુભવ્યો છતાં, થોડીક હિંમત કરીને આદરપૂર્વક તેમનું અભિવાદન કરી પૂછ્યું. 'માફ કરજો વડીલો! પરંતુ મેં તમને ઓળખ્યા નહીં. જો તમે કોઈ કામ અર્થે આવ્યા હોય તો જણાવો. અને જો ભૂલા પડ્યા હો તો મારા ઘરે આવી વિશ્રામ કરો. હું આપના આરામ અને ભોજનની વ્યવસ્થા કરું છું. આવો.

વડીલોએ જણાવ્યું કે બેટા તારા આવકાર માટે આભાર પરંતુ શું તારો પતિ એટલે કે આ ઘરનો માલિક હાજર છે?

સ્ત્રીએ જણાવ્યું કે, ના તેઓ ઓફિસે ગયા છે. બપોરે જમવા આવશે. પરંતુ તમે સૌ ઘરે આવી શકો છો.

એક વૃદ્ધે ઉત્તર આપતા કહ્યું "નહીં દીકરી, અમારો નિયમ છે કે ઘરના માલિકની ગેરહાજરીમાં અને તેમની મંજૂરી વિના અમે કોઈના ઘરમાં પ્રવેશ કરતા નથી. તું જા અને તારો પતિ આવે ત્યારે અમને જણાવજે. અમે ચારેય અહીં જ બેઠા છીએ.



બપોરનો સમય થયો, એ સ્ત્રીનો પતિ ઓફિસથી આવ્યો ત્યારે તેણે બધી વાત પોતાના પતિને જણાવી. તેની વાત સાંભળી પતિ સોસાયટીમાં ગયા અને ચારેય વૃદ્ધોને પોતાના ઘરમાં આવવા વિનંતી કરી. વૃદ્ધોએ નમ્રતાપૂર્વક જણાવ્યું કે 'અમે ભાગ્યે જ કોઈના ઘરમાં પ્રવેશ કરીએ છીએ અમારામાંથી કોઈપણ એક જ તમારા ઘરમાં આવી શકે તેમ છે. તારે તારા ઘરના સભ્યો સાથે ચર્ચા કરીને અમને જણાવવું પડશે, કે અમારામાંથી કોણ તારા ઘરમાં આવે? પેલા માણસને નવાઈ લાગી, થોડો મૂંઝાયો. પછી પેલા વૃદ્ધોને પૂછ્યું કે, તમે કોણ છો? એ મને જણાવો તો હું ઘરના સભ્યો સાથે ચર્ચા કરી શકું. એક વૃદ્ધે જણાવ્યું કે હું પ્રેમ છું મારી સાથેના વડીલ વૈભવ છે. અને બે સ્ત્રી સફળતા અને શાંતિ છે હવે તું જા, ચર્ચા કર કે અમારાં ચારમાંથી કોણ તમારા ઘરે આવે? એ માણસ ઘરમાં ગયો તેની પત્ની અને બે દીકરીઓને બધી વાત જણાવી. પત્નીએ પોતાનું મંતવ્ય આપતા જણાવ્યું કે



આપણે વૈભવને બોલાવીએ આ દિવસેને દિવસે મોંઘવારી પણ કેટલી વધતી જાય છે. છોકરીઓને ભણવાનો ખર્ચ પણ કેટલો બધો છે? માટે વૈભવને જ બોલાવી લાવો. પતિ એ કહ્યું ના.. ના.. સફળતાને બોલાવો. સફળતા આવશે તો, પૈસો ઓટોમેટિક આવશે. તો મોટી દીકરીએ જણાવ્યું કે મારે તો શાંતિ જોઈએ છે. શાંતિ હશે તો હું સરસ રીતે વાંચી શકીશ. આમ ત્રણેય વૈભવ, સફળતા અને શાંતિ માટે ઉગ્ર ચર્ચા કરવા લાગ્યા. ત્યારે, બધાની વાત અટકાવતા નાની દીકરીએ કહ્યું, શાંત થાઓ, શું તમને એવું નથી લાગતું કે આપણે આ બાબતે દાદાજીને પૂછવું જોઈએ? સૌએ દાદાજી પાસે જઈ કોને ઘરમાં બોલાવવા તે અંગેનો અભિપ્રાય માંગ્યો. દાદાજીએ જણાવ્યું કે આમ જોઈએ તો આપણા ઘરમાં કોઈવાતની કમી નથી. આપણે સૌ નાની નાની વાતોમાં ઝઘડી પડીએ છીએ. જો ખરું સુખ જોઈતું હોય તો આપણે પ્રેમને જ બોલાવવો જોઈએ. આપણે સૌએ એકબીજા માટે પ્રેમ અને આદરભાવ વધારવાની જરૂર છે. માટે પ્રેમને જ બોલાવો. ઘરના દરેક સભ્યોને દાદાજીની વાત યોગ્ય લાગી તેથી પેલો માણસ વૃદ્ધો પાસે ગયો અને નમ્રતાપૂર્વક જણાવ્યું કે અમે ઈચ્છીએ છીએ કે તમે સૌ અમારા ઘરના મહેમાન બનો પરંતુ આપની શરત પ્રમાણે અમે પ્રેમને ઘરમાં બોલાવવા માંગીએ છીએ. હે પ્રેમ! આવો... અમારા ઘરે પધારો.

પ્રેમે ઉભા થઈ માણસ જોડે ચાલવાનું શરૂ કર્યું. પાછળથી કંઈક અવાજ આવતા માણસે પાછળ વળીને જોયું તો ચારેય વૃદ્ધો તેની પાછળ આવી રહ્યા હતા. માણસે ઉભા થઈને આશ્ચર્ય સાથે પૂછ્યું કે માફ કરજો વડીલો, પરંતુ તમારામાંથી તો એકે જ આવવાનો નિયમ હતો તો આમ કેમ? મને કંઈ સમજાયું નહીં. ત્યારે પ્રેમે કહ્યું કે જો તમે પ્રેમ સિવાયના કોઈ પણને આમંત્રણ આપ્યું હોત તો એક જ જણ તારા ઘરમાં આવી શકત. પરંતુ અમારા બધાનો એક વણલખ્યો નિયમ છે કે જે ઘરમાં પ્રેમ જાય તે ઘરમાં વૈભવ, સફળતા અને શાંતિએ જવું જ પડે છે.

તમે મને એટલે પ્રેમને આમંત્રણ આપ્યું છે માટે અમે સૌ જોડે આવીશું.

એ માણસે અને એના ઘરના સૌએ ચારેય વૃદ્ધોને આદરપૂર્વક ઘરમાં આવકાર્યા.



**ક્રિશ્ચિયન ઉષા ટી.**
**શિક્ષક, ત્રિપદા હાઇસ્કૂલ**







પરિસ્થિતિ પ્રત્યે અણગમો છે ? તો પરિસ્થિતિ બદલવાનો પ્રયત્ન કરો. છતાંય પરિણામ ન મળે તો ખુદ બદલાઓ **-મેરી એંગલબ્રેટી**

# દેવના દીધેલ માથે પડેલ થઈ જાય ત્યારે

બાળક જીદ કરે ત્યારે એની માંગણીને શરણે થઈ જવું એ સહેલો પણ જોખમી ઉપાય છે.

બાળકો પાછળ તમે ગમે એટલી મહેનત લો છતાંય મોટા થઈને તેઓ મા-બાપ જેવાં જ બની જતા હોય છે. તમારાં બાળકોને તમે ગમે એટલા સારા સંસ્કાર આપવાની કોશિશ કરશો. છેવટે તો એ તમારા જેવાં જ બનવાનાં!

દરેક માતા, પિતાને હોંશ હોય છે કે પોતાનું સંતાન પોતાના કરતાં વધુ સારું બને. કમસે કમ પોતાની નબળાઈઓ અને પોતાના વ્યક્તિત્વની ખામીઓ એનામાં ઉતરી ન આવે. આપણી અનેક ખામીઓમાંની એક છે- જીદ જે વખત જતાં પ્રેસ્ટિજ ઈસ્યુ. વટનો સવાલ વગેરેમાં પરિણમે છે.

બાળકો માટેની સૌથી મોટી ફરિયાદ હોય છે કે એ જીદ્દી છે. બાળહઠ સાથે પનારો પાડવો આસાન નથી. બાળકો એકબીજા સાથે રમતા હોય અને બીજું જેનાથી રમે છે એ જ રમકડું પોતાને જોઈએ છે. એવી જીદથી માંડીને જમતી વખતે અમુક વાનગી ખાવી અને અમુક ન જ ખાવી એવી ધરાર જીદ પકડવી કે પછી રસ્તે ચાલતાં દુકાનમાં કે ફેરિયા પાસે જોયેલી કોઈ વસ્તુ અપાવી દેવા માટેની હઠ પકડવા સુધીની અનેક જીદોનો મા-બાપ તરીકે તમે સામનો કર્યો છે અથવા તો બાળક તરીકે તમે એવી જીદ કરી ચૂક્યા છો.

બાળક જીદ કરે ત્યારે એની માંગણીને શરણે થઈ જવું એ સહેલો, સરળ પણ અત્યંત જોખમી ઉપાય છે. ખાધે પીધે સુખી એવાં કુટુંબોમાં મા-બાપની માનસિકતા એવી થઈ ગઈ હોય છે કે બાળક જે માગે તે એને અપાવી દેવું, બિચારાને કોઈ વાતે ખોટ પડવી ન જોઈએ, ભગવાને આ બધુ આપ્યું છે તે શા માટે, વાપરવા માટે જ ને. આવા તર્કથી તેઓ નાનપણથી જ બાળકની ક્ષુલ્લક માંગણીઓથી માંડીને ગેરવાજબી માંગણીઓને પણ પોષતા રહે છે. ક્યારેક બાળક રડવા માંડે તો ઘરમાં કકળાટનું વાતાવરણ ન સર્જાય એવા આશાયથી મા-બાપ બાળકની જીદને વશ થઈ જતાં હોય છે.

માનસશાસ્ત્રીઓ કહે છે કે જીદની બાબતમાં કે કશીક વસ્તુ પ્રાપ્ત કરવાની બાબતમાં બાળકનું મન પુખ્ત વયની વ્યક્તિના મનની જેમ જ વર્તતું હોય છે અથવા તો કહો કે આ બાબતમાં પુખ્ત વયની વ્યક્તિ બાળકની જેમ જ વર્તન કરતી હોય છે.

મોટા માણસને પણ જાહેરખબરો જોઈને, દુકાનોના ડિસ્પ્લે જોઈને કે પછી ઓળખીતી વ્યક્તિની પાસે કોઈ ચીજ જોઈને મન થઈ આવતું હોય છે કે પોતાની પાસે પણ એવી વસ્તુ હોવી જોઈએ. ક્ષમતા હોય અને તરત એ વસ્તુ ખરીદાઈ પણ જાય તોય સો એ પચાસ કિસ્સાઓમાં તમે જોયું હશે કે એ વસ્તુ ઘરમાં આવતાં જ એના પરનો તમામ મોહ ઊતરી જાય છે. મનમાં છૂપી રીતે તમે કબૂલ પણ કરતા હો છો કે આ ખરીદી તમારી ભૂલ હતી. બીજા સમક્ષ એવી કબૂલાત કરવાની કોઈ જરૂર પણ નથી હોતી કારણ કે તમને કોઈ પૂછવાવાળું નથી હોતું. વસ્તુ ખરીદવાની ક્ષમતા ન હોય ત્યારે પુખ્તવયની વ્યક્તિ મનને સમજાવી શકતી હોય છે કે આટલી આવકમાં મારાથી આ કિંમતની ચીજ ન ખરીદી શકાય.

બાળકનો જીવ ખરેખર એ ચીજમાં ચોંટી ગયો હશે તો એ ફરી ફરીને એની માંગણી કરશે, દિવસો પછી પણ માંગણી કરશે. આવા વખતે મા-બાપની ક્ષમતા અને બાળકની પાત્રતાનો વિચાર કરવો જોઈએ. ત્રણ વર્ષનું બાળક બે પૈડાંની સાયકલ માગે કે આઠ વર્ષનું સંતાન મોપેડ માગે ત્યારે મા-બાપની ક્ષમતા હોય તે છતાં એને એ ન અપાવાય.


નાનપણથી બાળકને એક વાતની ટેવ પાડવી જોઈએ કે પોતાને જે ચીજ મેળવવાની ઈચ્છા થાય છે તે ચીજ મળશે જ એ જરૂરી નથી. મોટા થયા પછી આવી તાલીમ આપવા બદલ તમારું સંતાન તમારો આભાર માનશે. સિગારેટની જાહેરખબરોમાં 'મને જે જોઈએ છે તે હું મેળવીને જ રહું છું' એવું એક વાક્ય મોટા અક્ષરોમાં આવતું હતું. આવું કહેવામાં કે માનવામાં ખુમારી નથી પણ ગાંડપણ છે.

કોઈ પણ માણસને એ જે કંઈ ઈચ્છે છે તે બધું જ મળતું નથી. એ શક્ય પણ નથી ને જરૂરી પણ નથી. મને જે કંઈ જોઈતું હતું તે બધું જ મળી ગયું છે. માગ્યા કરતાં વધુ મળ્યું છે એવું બોલવામાં-સાંભળવામાં સારું લાગે છે, પણ આવું ત્યારે જે બોલાતું હોય છે, જ્યારે માણસને ખાતરી થઈ ગઈ હોય કે જે મળ્યું છે એથી વધુ મળવાની કોઈ તક કે કોઈ શક્યતા બાકી રહી નથી.

બાળકને અભાવની આદત પણ પડવી જોઈએ. આવશ્યક ચીજો વિના પણ ચલાવી લેતાં આવડવું જોઈએ. અને આ તાલીમ મા-બાપ સિવાય બીજું કોઈ ન આપી શકે. તમે મારા દેવના દીધેલ છો. આવ્યા ત્યારે અમર થઈને રહો, તમે મારું નગદ-નાણું છો. તમે મારું ફૂલ વસાણું છો, આવ્યા ત્યારે અમર થઈને રહો એવું ગાઈને બાળકને માનસિક લાડ લડાવીએ, પણ ભૌતિક લાડ લડાવીને એ જે માગે તે હાજર કરી દઈએ છીએ ત્યારે એ મોંએ ચડી જાય છે અને મોટા થયા પછી એનાં દુષ્પરિણામો એણે પોતે જ ભોગવવાનાં આવે છે. જેના માટે સંપૂર્ણ પણે મા-બાપ જ જવાબદાર હોય છે.



**સૌરભ શાહ**
**લેખક**



# દીકરી વ્હાલનો દરિયો


"વિધાતા દીકરી ઘડે ખૂબ ખાંતે,
કસબી હોય એ કરે શી કમાલ;
રૂપનો અંબાર કરે મીઠપ અપાર ભરે,
ખજાનો ખૂટાડીને કરે ખલક ને ન્યાલ;
દેવી કને થી માંગી લે મલકાટ,
ચટપટી રજ લે નખોતર તણી;
દીકરીની આંખે ભરે દમકતા નૂર,
સાકરનો સ્વાદ લઇ દીકરીમાં;
તજને લવિંગ ભેળવે જરીક,
સૂરજના ધોળા ફૂલને હુલાસા દે;
પછી જોઇ તારવી ને કહે હવે કાંઇક ઠીક."

બળબળતી બપોરે ટાઢા પાણીની છાલક સમાન દીકરી ઘરમા હોય ત્યારે આખુ ઘર હર્યુભર્યુ લાગે છે. માતા-પિતાને જીવવાની યાદ અપાવે તેવો શ્વાસ કહો તો તે દીકરી છે. તો આવા શ્વાસને કાં તો જન્મ પહેલાં જ કે જન્મ પછી કેમ રુંધાઇ દેવામાં આવે છે? આજના યુગમાં સુનિતા વિલિયમ્સ જેવી દીકરીઓ છે કે જે તારાની જેમ ચમકી રહી છે તો એવી પણ દીકરીઓ છે કે જેમને ખ્યાલ જ નથી કે ઘરની બહાર પણ દુનિયા છે. શું એ દીકરીઓ આશીર્વાદમાં મળેલા ઈશ્વર નથી? કેટકેટલા અભિયાનો છતાં પણ આજે દીકરીને બોજ સમાન ગણવામાં આવે છે. જ્યારે એક ભણેલી ગણેલી સ્ત્રીને કહેતી હોય કે પ્રભુ કુળદીપક આપે તો સારું, ત્યારે સમસ્ત શિક્ષિત સમાજનું અપમાન થાય છે. દીકરીને જન્મતા પહેલા જ મારી નાખતી માતાઓ એ ભૂલી જાય છે કે હું પણ કોઇની દીકરી છુ અને મને મારી માતાએ મારી નાખી હોત તો? મોગરાની મહેંક, ગુલાબની ભવ્યતા અને પારિજાતની દિવ્યતા જ્યારે કોઇ એક ઝાકળબિંદુમાં એકઠી થાય ત્યારે તેને દીકરી નામ અપાય છે. તો આવી મહેંક, આવી ભવ્યતાને આવી દિવ્યતાને ખીલવા દેવી જોઇએ.

"સવારની તાજવ જો દીકરો,
તો દીકરી સાંજની કુમાશ
દિવસ રાતના બંને છેડા,
બંનેનો સરખો સમાશ."



**પ્રવિણ બારોટ**
**શ્રી કે. એન. શાહ હાઇસ્કૂલ, મોડાસા.**



# શું તમારે પણ ધી ઓપન પેજમાં લખવું છે? લેખક બનવું છે?

ધી ઓપન પેજ સામયિકમાં સ્કુલના પ્રિન્સિપાલ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ તેમનું મૌલિક લખાણ મોકલી શકે છે. ધી ઓપન પેજ, આપને લખવા માટે જગ્યા આપશે અને આપના વિચારો લાખ્ખો વિદ્યાર્થીઓ સુધી પહોંચાડશે.આપ શિક્ષણ જગત કે વિદ્યાર્થીઓને લગતા કોઈ પણ વિષય ઉપર મૌલિક લખાણ મોકલી શકો છો, જો કે ધ્યાન એ વાતનું રાખવાનું કે આપ જે કાંઈ મૌલિક લેખ કે સમાચાર મોકલો તેમાં કોઇ વિવાદીત લખાણ ના હોવું જોઈએ.




શાળાના વિદ્યાર્થીઓએ જાતે દોરેલા ચિત્રો, જોક્સ, વાર્તા, કે સ્કુલમાં થતી જુદી જુદી પ્રવૃત્તિઓના સમાચાર વિદ્યાર્થીઓ મોકલી શકે છે.

આપની સ્કુલમાં અભ્યાસ ઉપરાંત થતા જુદા જુદા કાર્યક્રમોના ફોટા સાથેના સમાચાર ધી ઓપન પેજને કોમ્પ્યુટરમાં વર્ડ ફાઇલમાં ગુજરાતીમાં, ભાષા ભારતી ગોપીકા ટુ ફોન્ટમાં મોકલી શકો છો.ધી ઓપન પેજમાં જગ્યા હશે તે પ્રમાણે આપની સ્કુલના સમાચારને યોગ્ય રીતે સ્થાન આપવાનો પ્રયાસ કરવામાં આવશે. ધી ઓપન પેજમાં આપની સ્કુલના સમાચાર કે મૌલિક લેખ ઈ-મેઈલ આઇ ડી theopenpage@tripada.com ઉપર મોકલી શકો છો.આ ઉપરાંત આપ ધી ઓપન પેજનો નીચેના સરનામે સંપર્ક કે પત્રવ્યવહાર કરી શકો છો.

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, કુમકુમ પાર્ટીપ્લોટ સામે, અખબારનગર સર્કલ પાસે, નવાવાડજ, અમદાવાદ – ૩૮૦૦૧૩. ફોન નંબર – ૦૭૯ – ૨૭૬૨૧૩૮૫-૮૬.

**શાળાના વિદ્યાર્થીઓએ જાતે દોરેલા ચિત્રો, જોક્સ, વાર્તા, કે સ્કુલમાં થતી જુદી જુદી પ્રવૃત્તિઓના સમાચાર કોઈ પણ શાળા ધી ઓપન પેજને મોકલી શકે છે**

# ગિફ્ટ

'શું કહ્યું...? જરા ફરીથી બોલ તો...'

શર્મિલા અને કાવ્યા વચ્ચે વાતચીત થઈ રહી હતી. હું રવિવારની પૂર્તિ વાંચી રહ્યો હતો. 'મા... મારે ફાઇન આર્ટ્સમાં એડમિશન લેવું છે.' કાવ્યાએ ફરીથી એ જ વાક્ય દોહરાવ્યું. 'ગાંડી થઈ ગઈ છો...?' શર્મિલા કાવ્યાની મા હતી. તે આ રીતે દીકરીને ખિજાઈ શકે. 'બારમામાં ચોરાણું ટકા લીધા પછી તારે ફાઇન આર્ટસમાં જવું છે...?'

શર્મિલાને જાણે ભર રસ્તે કોઈએ થપ્પડ મારી હોય એવી ડઘાઈ ગઈ.

'મારે બાર સાયન્સ કરવું જ નહોતું. તારી જીદના કારણે... તેં કહ્યું હતું એક વખત હું બાર સાયન્સમાં નેવુંથી વધારે ટકા લઈ આવું પછી તું મને મારી રીતે આગળ વધવા દઈશ. મેં તારી જીદ પૂરી કરી. હવે હું જે ચાહું છું એ કરવા દે ને...'

આને જ 'જનરેશન ગેપ' કહેવાતો હશે.

'કાવ્યા દીકરી... અહીં આવ. બેસ મારી પાસે...' કાવ્યા અને શર્મિલા મારી સામેના સોફા પર બેઠા. મેં હવે પૂર્તિ બાજુમાં મૂકી દીધી હતી. 'જો કાવ્યા... હું કાંઈ દુશ્મન છું તારી...?'

'ના મા... મેં એવું કહ્યું નથી. યુ આર ઓલ્વેઝ અ લવલી મોમ. આઈ લવ યુ.'

કાવ્યા એના જેટલું જ રૂપાળું બોલી શકતી હતી. તેણે તેની માને ભેટીને કહ્યું 'તો પછી મારી વાત કેમ નથી માનતી...?'

'એક વખત તારી વાત માની ને...?' કાવ્યા સાવ સહજ હસી. 'હવે બીજી વાર તું મારી વાત માન, પ્લીઝ...'

'કાવ્યા...તને અગિયાર સાયન્સમાં મોકલવાની જીદ મેં કરી ત્યારે મને મનમાં એમ હતું કે તું મેચ્યોર નથી. બે વરસમાં તું મેચ્યોર થઈશ અને તને ખબર પડશે કે તારા માટે શું સાચું અને સારું છે.'

'હું મેચ્યોર જ છું, મા...' કાવ્યા આજકાલના યુવાનો જેવું આત્મવિશ્વાસથી બોલી...

'તું તારી જાતને મેચ્યોર સમજે છે...?' શર્મિલાએ જરા વ્યંગમાં કહ્યું: 'તને હજી એ ખબર નથી પડતી કે મેડિકલ એ એક કેરિયર છે અને પેઈન્ટિંગ-ચિત્રકામ એ માત્ર એક શોખ...'

'આ દુનિયા દર પંદર કે વીસ વર્ષે બદલાય છે. તું યુવાન હતી ત્યારે આવું હતું પણ હવે આવું રહ્યું નથી. આજકાલ ફાઇન આર્ટ્સ-પેઇન્ટિંગ પણ એક રિસ્પેક્ટેબલ કેરિયર ગણાય છે.'

મારે કહેવું જોઈએ કે કાવ્યાની દલીલ સાવ સાચી હતી. પણ મને એ પણ ખાતરી હતી કે શર્મિલા આમ આસાનીથી નહીં માને. તે સમજદાર નહોતી એવું નહોતું પણ એ એક મા હતી. તેનું મોઢું પડી ગયું.

'હશે... કર જે તારે કરવું હોય એ... હવે તું મોટી થઈ ગઈ છે. તારી મા કરતા પણ મોટી... માને ગૂંચવી દે એટલી સધ્ધર દલીલ કરતાં આવડી ગઈ છે તને...'

'પ્લીઝ મા... આવો ઈમોશનલ અત્યાચાર ન કર.' મને જરા હસવું આવ્યું. આજની યુવા પેઢી પાસે આવા નવા નવા શબ્દો ક્યાંથી આવતા હશે...? 'તેં અને પપ્પાએ મને બધી સ્વતંત્રતા આપી છે. મારા પર હજી થોડો વિશ્વાસ રાખ. મારી કેરિયર મને પસંદ કરવા દે પ્લીઝ...' કાવ્યા રીતસર કરગરી. એક દીકરીએ એની માને કરગરવું પડે એ પરિસ્થિતિ મને યોગ્ય ન લાગી.

'પણ જરાક તો વિચાર, કાવ્યા... તારા પપ્પા ડૉક્ટર... ડૉ. નરેન શુકલા... તારો મોટો ભાઈ ડૉક્ટર... ડૉ. કોનાર્ક શુકલા... અને તું માત્ર ચિત્રકામ કરીશ...?' તમે શર્મ મહેસૂસ નહીં થાય...?'

શર્મિલાની આ દલીલ સાવ વાહિયાત હતી. પુત્રી પ્રેમમાં તે ન કરવાનું કરી રહી હતી. તે એક ભણેલી-ગણેલી સ્ત્રીને બાજુમાં મૂકી માત્ર એક માનો હક જ જતાવી રહી હતી.

'તમે કેમ કાંઈ બોલતા નથી, નરેન...?'

'મને તારી વાત સમજાય છે, શર્મિલા... પણ મને લાગે છે કે કાવ્યાની વાત વધુ સાચી છે.' મેં નરો વા-કુંજરો વા કરી શર્મિલાને સમજાવવાનું ચાલુ કર્યું. 'તું એક મા તરફથી અને લાગણીશીલ થઈને વિચારે છે. કાવ્યા એક સ્ટુડન્ટ તરીકે... તમારા બેમાંથી ખોટું કોઈ નથી, પણ કાવ્યાને શું ભણવું છે અને તેને શું ભણવું ગમશે એની ખબર આપણા કરતાં તેને વધુ જ હોવાની.'

કાવ્યા મારી વાત સાંભળી મલકાઈ ઊઠી. પણ શર્મિલા પાસે દલીલ હતી જ.

'એમ તો નાનપણમાં કાવ્યાને માટી ખાવી પણ ગમતી. આપણે ખાવા દેતા તેને...? મા-બાપ તરીકે આપણી ફરજ છે કે ખોટું કરતી હોય તો આપણે તેને રોકવી પડે. તેને ન ગમતું હોય તો ય...'

'નાનપણમાં માટી ખાવી અને મોટા થઈ કેરિયર પસંદ કરવી એ બે સાવ અલગ બાબત છે. શર્મિલા... પ્લીઝ વાતમાં ખોટી રીતે ગૂંચવાડો ન ઊભો કર.' હું પણ જરા અકળાયો.

'મા... ભાઈને ડૉક્ટર બનવું હતું. તેં એને ન રોક્યો અને તે આજે એક સફળ ડૉક્ટર છે. મને પણ હું ચાહું છું એ કરવા દે. હું પણ સફળ થઈશ. શું તને મારામાં વિશ્વાસ નથી...?'

'સવાલ વિશ્વાસ હોવા કે ન હોવાનો નથી બેટા...' શર્મિલા જરા ગળગળી થઈ ગઈ. 'પણ ચિત્રકામ...?' એ કાંઈ કેરિયર છે...? તને શું મળશે એનાથી...? પૈસો... પ્રતિષ્ઠા... એ બધું તો મેડિકલ કે એન્જિનિયરિંગ કેરિયરમાં છે.'



'ત્યાં જ તારી ભૂલ થાય છે મા... આજકાલ ચિત્રકારો પણ પેજ-થ્રી સેલેબ્રિટી બની રહ્યા છે. એમ એફ હુસૈન કે મનજીત બાવાનું નામ નથી સાંભળ્યું તે...?' અને પેઇન્ટિંગ્ઝ આજકાલ આર્થિક રોકાણ થઈ શકે એટલી નક્કર વસ્તુ ગણાય છે.'

'હા શર્મિલા... સાચી વાત છે. કરવા દે તારી દીકરીને જે કરવું હોય તે...' મેં શર્મિલાને કહ્યું - 'ભૂલ કરશે તો શીખશે... પડશે તો પાછી ઊભી થાશે... આપણને આપણા સંતાન પર ભરોસો હોવો જોઈએ.'

'તમે બાપ-દીકરી મળી ગયા છો. મારી વાત સમજવા તૈયાર જ નથી તમે...' શર્મિલાએ આખરે પોતાની જીદ પૂરી કરાવવા આંસુનો સહારો લીધો. 'બહુ આસાનીથી તમે કહી દીધું કે પડશે તો પાછી ઊભી થાશે... પણ એ નથી વિચારતા કે પડશે તો સૌથી પહેલાં અને સૌથી વધારે દુ:ખ મને થશે. મા છું હું...'

શર્મિલાને આટલી બધી લાગણીશીલ બની ગયેલી જોઈ કાવ્યા તેને ગળે લગાવવા આગળ વધી પણ શર્મિલાએ તેને ધક્કો મારી દીધો. શર્મિલાને કદાચ તેની દીકરી ડોક્ટર બને તેનાથી ઓછું કાંઈ ખપતું નહોતું. મેં કાવ્યાને તેનાં રૂમમાં જવાનો ઈશારો કરી દીધો. હું શર્મિલા પાસે જઈ તેની પીઠ પસવારવા લાગ્યો. મારાથી હળવો નિ:શ્વાસ છૂટી ગયો.

આ જ દૃશ્ય... બરાબર આ જ દૃશ્ય, આજથી ચોવીસ વર્ષ પહેલાં... આ જ ઘરમાં, જરા જુદી રીતે ભજવાયું હતું. તે વખતે કાવ્યાને બદલે હું હતો અને શર્મિલાને બદલે મારા બાપુજી... જેને હું બાપા કહેતો. હિસ્ટ્રી રિપિટ્સ ઈટસેલ્ફ... મને દુ:ખ નહોતું પણ એક રંજ અવશ્ય હતો. હું મારી સામેની દીવાલ પર જૂનું ચલચિત્ર જોઈ રહ્યો હતો.

ના... હું મારી કાવ્યાને બીજો નરેન નહીં જ બનવા દઉં. હું શર્મિલાને સમજાવીશ અને એ સમજશે. દસ દિવસ પછી આવતા કાવ્યાના જન્મદિવસે એને શું ગિફ્ટ આપવાની છે એ મને ખબર હતી.

કાવ્યાનો જન્મ દિવસ... તેનો ભાઈ યુ.એસ. એ.થી એક દિવસ માટે ખાસ આવ્યો હતો. સાથે કાવ્યા માટે મો પાંસાંનું એક ઓરિજનલ અને મોઘુંદાટ પેઈન્ટિંગ લાવ્યો હતો. કાવ્યા ખુશખુશાલ હતી. તેના થોડા મિત્રો અને થોડાં સગાંઓ અને પાડોશીઓ સાથે ઘરમાં એક સાદગીભરી પાર્ટી રાખી હતી. કાવ્યાએ કેક કાપી. તાળીઓનો ગડગડાટ... ભેટ-સોગાદની વર્ષા... અભિનંદનના અવાજો... કાવ્યાએ તાલી પાડી અને જરા મોટા અવાજે કહ્યું.



'અટેન્શન પ્લીઝ...' અવાજો ઓછા થયા. 'મારો ઓગણીસમો જન્મ દિવસ... આજે અઢાર પૂરાં થયાં... નેક્સ્ટ ઈલેક્શનમાં હું વોટ આપી શકીશ.' ચારે તરફ હસાહસ... કાવ્યા બહુ સારું અને શુદ્ધ બોલી શકતી હતી. તેણે મારો વારસો જાળવ્યો હતો. 'મારાં મમ્મી-પપ્પાએ હજી સુધી મને ગિફ્ટ આપી નથી. પણ આપશે... મને એની ચિંતા નથી. હું મારાં મમ્મી-પપ્પાને પહેલાં રિટર્ન ગિફ્ટ તરીકે કાંઈક આપવા માગું છું. પ્લીઝ વેઈટ...'

તે દોડીને તેના રૂમમાં ગઈ. બધાને ઈંતેજારી હતી કે આ રિટર્ન ગિફ્ટ શું હશે...? જે તે અમને આપવા માગતી હતી. કમ સે કમ મને તો કુતૂહલ હતું જ. એક જ મિનિટમાં તે આવી, તેના હાથમાં બે પેઈન્ટિંગ્ઝ હતાં. બંને પર કાગળના પરદા હતા. તે તેણે સલૂકાઈથી સ્ટેન્ડ પર ગોઠવ્યાં. કોનાં ચિત્રો હશે...?

'વડીલો અને મિત્રો...' કાવ્યાએ ફરીથી બોલવાનું શરૂ કર્યું. 'ધીઝ આર માય બેસ્ટ પોટ્રેઈટ્ઝ... અને એ બેસ્ટ એટલા માટે છે કારણ કે એ વિશ્વની બેસ્ટ વ્યક્તિઓનાં છે.' તેણે ચિત્રો પરથી પરદો હટાવ્યો. 'ધે આર માય મા એન્ડ પપ્પા...'

મેં ધ્યાનથી ધારી-ધારીને આ ચિત્રો જોયાં. મારું ચિત્ર, અલબત્ત, હતું બહુ સરસ... પણ શર્મિલાનું ચિત્ર તો અદ્ભુત હતું. હું કાવ્યાને ફાઇન આર્ટસમાં જવા દેવા રાજી હતો પણ મને ખબર નહોતી કે મારી દીકરીના હાથમાં આવો જાદુ હશે. મેં શર્મિલા તરફ જોયું. એ જાણે કે એનું પોતાનું ચિત્ર જોઈ ટ્રાન્સમાં ચાલી ગઈ હતી. તેની આંખ મેં જરૂર કરતાં વધુ ભીની જોઈ. મેં તેનો હાથ દબાવ્યો અને તે ટ્રાન્સમાંથી બહાર આવી. તેણે મારા કાનમાં કહ્યું.

'શું હું આટલી બધી નમણી છું...?' તેને જાણે કે તેની આંખ પર ભરોસો નહોતો.

'ના...' હું જરા હસ્યો અને એના કાનમાં કહ્યું- 'તું આનાથી પણ વધારે નમણી છો'

તે આ ઉંમરે પણ સત્તર વર્ષની મુગ્ધા જેવું શરમાઈ.

થોડી વાર પછી એક યુવાન અમારી નજીક આવ્યો.

'આન્ટી... હું બહુ વધારે તો નહીં પણ થોડું ઘણું ચિત્રકામ વિશે જાણું છું. મને લાગે છે કે તમારી દીકરીના હાથમાં કાંઈક તો કરામત છે. જો આ હાથને તાલીમ મળે તો સમાજને એક ઉત્તમ ચિત્રકામ મળી શકે એમ છે. હું આવતીકાલના અખબારમાં કાવ્યાના ચિત્રકામ વિશે લેખ લખીશ.'

શર્મિલા બહુ નવાઈથી આ યુવાન સામે તાકી રહી. કદાચ તેને ખબર નહોતી કે એની દીકરી આવી સરસ ચિત્રકાર હશે. એની દીકરી પોતાના વખાણ કોઈના મોઢે કરાવે એટલી છીછરી હરગિજ નહોતી તેની તો શર્મિલાને પણ ખાતરી હતી. તેને કાવ્યાને ફાઇન આર્ટ્સમાં જતી રોકવાનો પ્રયત્ન કરવા બદલ હવે મનમાં પસ્તાવો થતો હશે એમ ધારી મેં કહ્યું.

શર્મિલા બહુ નવાઈથી આ યુવાન સામે તાકી રહી. કદાચ તેને ખબર નહોતી કે એની દીકરી આવી સરસ ચિત્રકાર હશે. એની દિકરી પોતાના વખાણ કોઈના મોઢે કરાવે એટલી છીછરી હરગિજ નહોતી તેની તો શર્મિલાને પણ ખાતરી હતી. તેને કાવ્યાને ફાઇન આર્ટ્સમાં જતી રોકવાનો પ્રયત્ન કરવા બદલ હવે મનમાં પસ્તાવો થતો હશે એમ ધારી મેં કહ્યું.

'શર્મિલા... તને હજી લાગે છે કે ચિત્રકામ માટે સર્જાયેલા કાવ્યાના હાથમાં આપણે જબરદસ્તીથી ઓપરેશન કરવાના સાધનો થમાવી દેશું એથી સમાજને એક સારી ડોક્ટર મળી જશે...?'

'ના... મને લાગે છે કે હું ખોટી હતી'

તે આટલી સરળતાથી માની જશે એવી મને આશા નહોતી. પણ જે કામ મારા સો શબ્દોની સમજાવટ ન કરી શકી એ કાવ્યાના એક પોટ્રેઈટે કરી નાખ્યું હતું. હું અતિશય ખુશ હતો. મેં અવાજ જરા મોટો કર્યો.

'યસ, ફ્રેન્ડઝ... આજે બધું ઊલટું-સૂલટું થઈ ગયું છે. પહેલાં કાવ્યાએ રિટર્ન ગિફ્ટ આપી અને હવે અમારી ગિફ્ટ...' મેં ખિસ્સામાંથી એક કાગળ કાઢ્યો. 'હું ખાતરીપૂર્વક કહું છું કે આ કાગળ વાંચી કાવ્યા બહુ ખુશ થશે. તેના માટે આ એક અમૂલ્ય ભેટ હશે.'

કાવ્યાએ મારા હાથમાંથી કાગળ લઈ વાંચ્યો અને તે નાની બાળકીની જેમ કૂદવા લાગી. હું અને શર્મિલા સંતોષથી તેના ચહેરા પર છવાયેલો આ આનંદ જોઈ રહ્યા તે એમ.એસ.યુનિવર્સિટીનું ફાઇન આર્ટ્સ વિભાગનું એડમિશન ફોર્મ હતું.

**— અલ્પેશ પી. પાઠક**

આત્મવિશ્વાસવાળો માણસ કશાની તરફેણમાં કે કશાના વિરોધમાં પોતાનું મન સ્થિર કરતો નથી. જે યોગ્ય હોય તેને અનુસરે છે. **-કન્ફ્યૂશિયસ**



## ચાંપાનેર અને પાવાગઢ પ્રવાસીઓ માટેનું રમણીય સ્થળ છે

ચાંપાનેર-પાવાગઢને વિશ્વના અજોડ પુરાતત્વીય ઈમારત-સ્મારક તરીકે યુનેસ્કોએ જાહેર કર્યું છે. રાજ્ય સરકારે ચાંપાનેર-પાવાગઢને પ્રવાસીઓના આકર્ષણના મુખ્ય કેન્દ્ર તરીકે વિકસીત કરવાના પ્રયાસો હાથ ધર્યા છે. પ્રવાસના અન્ય આકર્ષણોમાં નિમેટાબાગ, આજવા તળાવ, જાંબુઘોડા અભયારણ્ય અને ડભોઈને પણ વિકસીત કરવામાં આવ્યું છે.

યુનેસ્કોના વિશ્વ વારસા કાર્યક્રમ હેઠળ પાવાગઢ સાથે ચાંપાનેર અને માંચીને પુરાતત્વીય શ્રેણીને સ્થળો-ઈમારતો તરીકે જાહેર કરી છે. આ સ્થળનું ઐતિહાસિક મહત્વ તે અંદાજે ૧૨૦૦ વર્ષનો ઈતિહાસ અને તેથી પણ વધુ સમયની સંસ્કૃતિ બેજોડ છે. પૌરાણિક યુગ રાજપૂત શાસન, મરાઠા ઉપરાંત ઈસ્લામની અને બ્રિટિશ શાસનની અસરો અહીંના સ્થાપત્યો અને ઈમારતોમાં દેખાઈ આવે છે. ૧૫મી સદીમાં રાજા પતઈને હરાવી મુસ્લીમ શાસક મહંમદ બેગડાએ આ પ્રદેશ પર પોતાની શાસન ધરા સંભાળી હતી. મહંમદ બેગડાએ તેના શાસનની રાજધાની અમદાવાદથી ખસેડી ચાંપાનેરને બનાવી હતી. ચાંપાનેર પંચમહાલ જવાના મુખ્ય પ્રવેશદ્વાર જે વડોદરાથી ૪૯ કિ.મી.ના અંતરે આવેલું છે. આદિવાસી વિસ્તાર તરીકે જાહેર થયેલા આ પ્રદેશમાં મુખ્ય 'ભીલ' જાતિના લોકો વસવાટ કરે છે. આ પ્રદેશના વિકાસ માટે રાજ્ય સરકાર ઉદ્યોગોને રાહત દરે આર્થિક, તકનિકી અને અન્ય સુવિધાઓ પુરી પાડે છે.

## પિકનિક માટે અદ્ભૂત સ્થળ છે દીવ



પિકનિક પ્લેસ તરીકે દીવ ઘણો સારો ઓપ્શન છે. અહીં તમને પિકનિકમાં માણવા લાયક બધો મસાલો મળી રહેશે. અરબની ખાડીમાં વસેલો નાનકડો દ્વીપ દેશની સાત કેન્દ્રશાસિત પ્રદેશોમાંના દમણ અને દીવનું નાનકડું શહેર છે. અહીં ત્રણ બીચ છે - નાગોઆ બીચ, ધોધલા બીચ અને જલંદર બીચ. આ બીચ પર તમે પેરાસેલિંગ, સન બાથિંગ, સ્વિમિંગ વગેરે માણી શકો છો.

દીવમાં જોવાલાયક અનેક સ્થળો છે જેમાં ગંગેશ્વર મંદિર, સી-શેલ મ્યુઝિયમ અને ખુકરી મેમોરિયલ ખાસ છે. દીવના નાગોઆ બીચ પાસે બનેલા સી-શેલ મ્યુઝિયમમાં તમે જાત-જાતના શંખ-છીપ જોઈ શકો છો. આમ તો આ વિશ્વનું પહેલું એવું મ્યુઝિયમ ગણાય છે જ્યાં સમુદ્રમાં મળી આવતા શંખ અને છીપલાને મેગ્નીફાઈંગ ગ્લાસ નીચે રાખવામાં આવ્યા છે.

દીવ જાઓ તો પાણી કોઠા અને દીવનો કિલ્લો જોવાનું ભૂલતા નહીં. પાણી કોઠા સમુદ્રની વચ્ચે બનેલો એક નાનકડો કિલ્લો છે. અહીં જવા માટે ટુરિસ્ટ બોટ ઉપલબ્ધ છે અને રાતના સમયે તેના પર દેખાતી સ્પેશિયલ લાઈટ ઈફેક્ટ્સ તમને મંત્રમુગ્ધ કરી મૂકશે. તો વળી દીવના કિલ્લા પરથી બીજી તરફનો સમુદ્રનો નજારો અત્યંત આકર્ષક લાગે છે. દીવના આ વિશાળ અને ભવ્ય કિલ્લાનું નિર્માણ ૧૫૩૫થી ૧૫૪૧ વચ્ચે કરવામાં આવ્યું હતું. તેની છત પર સજેલી તોપો એ વાતનો પુરાવો છે કે તેની સુરક્ષા વ્યવસ્થા એકદમ ચૂસ્ત હતી.

## સમરમાં સંભારણાંરૂપ બની જતો પ્રવાસ

# જમ્મુ-કાશ્મીર

મેદાની પ્રદેશોમાં પડતી કાળઝાળ ગરમીથી બચવા લોકો વેકેશનમાં ઠંડા પ્રદેશ તરફ નજર દોડાવે છે. જેમાં ઘણા બધા પ્રવાસીઓનું મનપસંદ પર્યટન સ્થળ જમ્મુ-કાશ્મીર હોય છે. અહીં ઉનાળાના દિવસો દરમિયાન થતાં જમ્મુ-કાશ્મીરના પ્રવાસ વિશે થોડી રસપ્રદ વાત જાણીએ.


સામાન્ય રીતે જમ્મુ-કાશ્મીરની વાત આવે ત્યારે પ્રવાસીઓ શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, ડેલહાઉસી જેવી જગ્યાઓની મુલાકાત લઈને માની લેતા હોય છે કે કાશ્મીરનો પ્રવાસ પૂર્ણ થઈ ગયો. આટલાં સ્થળો ફરી લીધાં હોય એટલે કાશ્મીરનો પ્રવાસ તો થયો કહેવાય, પણ એ પ્રવાસ હજુ બીજાં અન્ય સ્થળોની મુલાકાત વગર અધૂરો ગણાય.

જમ્મુ એન્ડ કાશ્મીર ટૂરિઝમ દ્વારા પોતાના રાજ્યની નવી જગ્યાઓથી લોકો વાકેફ થાય અને કાશ્મીરનો સારી રીતે પ્રવાસ કરી શકે તે માટે ઉનાળાના દિવસોમાં ખાસ આયોજનો કરવામાં આવે છે.

જમ્મુ એન્ડ કાશ્મીર ટૂરિઝમના મિનિસ્ટર ગુલામ અહેમદ મીરના જણાવ્યા પ્રમાણે જમ્મુ-કાશ્મીરમાં કોકેર્નાગ, વેરિનાગ, માનસબલ, સિમ્થન પાસ, યૂસમર્ગ, લોલબ અને ગુરેઝ જેવાં નવા ડેસ્ટિનેસન્શને વિકસાવવામાં આવ્યાં છે અને પ્રવાસીઓ આ સ્થળની મુલાકાત કરીને યાદગાર સંભારણનું ભાથું ભરી શકે છે.

કાશ્મીરમાં હવે એવા નવા રસ્તાઓ અને નવી જગ્યાઓ સહેલાણીઓ માટે ખોલવામાં આવી છે. પ્રવાસીઓ હવે કાશ્મીરનાં એગ્રિકલ્ચર, બોર્ડર અને કાશ્મીરની રહેણીકરણી વિશે જાણી શકે તેવાં વિશેષ આયોજનો કરવામાં આવ્યાં છે.

કાશ્મીર કુદરતી સૌદર્યની બાબતમાં પૃથ્વી પરનું સ્વર્ગ છે. છેલ્લાં વર્ષોમાં ગુજરાતી પ્રવાસીઓ માટે જમ્મુ કાશ્મીર આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.કાશ્મીરમાં આવતા સહેલાણીઓમાં ગુજરાતીઓની સંખ્યા વિશેષ હોય છે.



## સ્કીઇંગની મજા માણવા જઈ શકાય તેવું સ્થળ: ઔલી

ઉનાળામાં અલગ અલગ જગ્યાએ ફરવા જવાના કાર્યક્રમો થતાં હોય છે. ખાસ કરીને પ્રવાસીઓ ઉત્તર ભારતનોપ્રવાસ કરવાનું વધુ પસંદ કરતા હોય છે. અહીં આપણે ઉત્તર ભારતના એક નયનરમ્ય સ્થળ વિશે જાણીએ.

ઉત્તરાખંડ રાજ્યમાં હિમાલય પર્વતમાળામાં આવેલું ઔલી તેના બરફાચ્છાદિત દેખાવના કારણે ભારતભરમાં જાણીતું છે.

આ સ્થળ સ્કીઈંગના શોખીનો માટે ઉત્તમ વિકલ્પ બની રહે છે. ગોઠવાયેલો હોય તેવો સપાટ બરફ સ્કીઈંગ માટે શ્રેષ્ઠ છે અને એટલે પ્રવાસીઓ અહીં આવીને સ્કીઈંગનો આનંદ માણવાનું ચૂકતા નથી.

અહીં સ્કીઈંગ માટે ૩૦૫૦ મીટરની ઊંચાઈથી ૨૫૨૦ મીટરની ઊંચાઈ સુધીના ત્રણ કિલોમીટરનો સ્લોપ છે જેના કારણે સ્કીઈંગ વધુ સરળ બની જાય છે.

આ સ્તળ ઉત્તરાખંડના અન્ય એક પ્રખ્યાત સ્થળ જોશીમઠથી માત્ર ૧૬ કિલોમીટરના અંતરે આવેલું છે.

ઔલીમાં સ્કીઈંગ માટે જવા માંગતા સાહસિકો માટે શ્રેષ્ઠ સમય ડિસેમ્બરથી માર્ચ ગણવામાં આવે છે. જોકે, ફરવા માટે તો પ્રવાસીઓ છેક જૂન માસ સુધી આવે છે અને સાથે-સાથે સ્કીઈંગનો આનંદ પણ માણે છે.

સ્કીઈંગ શીખવા માંગતા લોકો માટે અહીં ૧૫ દિવસના ટ્રેનિંગ કેમ્પની વ્યવસ્થા કરવામાં આવે છે.



## વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન



કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન એ ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા, ગુજરાત રાજ્યમાં આવેલ ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકાના વેળાવદર ગામની પાસે આવેલું છે. આ ઉદ્યાન સૌરાષ્ટ્ર પ્રદેશના ભાલ ક્ષેત્રમાં આવેલ છે. આ ભાલ વિસ્તારમાં આવેલાં ઘાસનાં મેદાનો કાળિયારને ખુબ જ માફક આવે છે. આ ઉદ્યાન જિલ્લા મુખ્ય મથક ભાવનગર શહેરથી ૪૫ કિ.મી. દૂર છે. ખંભાતના અખાતને કિનારે આવેલ આ ક્ષેત્ર ૩૪.૦૮ ચો કિ.મી જેટલું મોટું છે. આ સ્થળ પહેલાં ભાવનગરના રજવાડાની 'વીડી' (ઘાસ ભૂમિ) હતી. સપાટ જમીન, સુકાયેલું ઘાસ અને કાળિયારના ઝૂંડ હંમેશાથી પ્રવાસીઓને આ ઉદ્યાન તરફ આકર્ષિત કરતાં રહ્યાં છે જેમાં અનોખી ઘાસભૂમિ પારિસ્થિકી છે જેના પર કાળિયારુ વરુ અને ઘોરાડ (બસ્ટર્ડ પક્ષી)ના સંવર્ધનનું કાર્ય સફળતા પૂર્વક ચાલી રહ્યું છે. સંપૂર્ણ રીતે ભારતીય પ્રજાતિ હોય એવા ઘોરાડ પક્ષીઓ જે એક સમયે સંપૂર્ણ ભારત ઉપ મહાદ્વીપમાં જોડવા મળતા હતાં, આ પક્ષીઓનો સૌથી મોટું સમૂહ આ ઉદ્યાનમાં રહે છે.

**વેકેશન એટલે બાળકો જે સમયની આતુરતાથી રાહ જોઈ રહ્યા હોય અને પરીક્ષાના છેલ્લા દિવસે છૂટવાની જે ઘંટડી વાગે ત્યારે છોકરાઓના મનમાં આવતો એક અલગ જુસ્સો, આનંદ, ઉત્સાહ અને કંઈક નવું કરવાની આશા સાથેની સ્કુલથી લઈને પોતાના ઘર સુધીની દોટ... આજના બાળકો આ વેકેશનનો ભરપૂર ઉપયોગ કરીને કંઈકને કંઈક નવું શિખતા હોય છે. તો ચાલો આપણે જાણીએ, વેકેશન વિશેના બાળકોના અભિપ્રાય તેમના જ શબ્દોમાં...**

### હું મારું વેકેશન આનંદથી માણીશ

વેકેશન એટલે વિદ્યાર્થીઓને મજા માણવાનો દિવસ. વેકેશનમાં બાળકો આનંદ ઉલ્લાસથી વેકેશન માણતા હોય છે. વેકેશનમાં વિદ્યાર્થીઓ પોતાના સગાસંબંધીના ઘરે અથવા ફરવા જાય છે. વિદ્યાર્થીઓ પરીક્ષામાંથી મુક્ત થઈ જાય છે. મારે આ વખતે નવમાં ધોરણની પરીક્ષા પૂર્ણ થયા પછી દસમુ ધોરણ ચાલુ થશે દસમાં ધોરણમાં મારે ખૂબ મહેનત કરવાની હોય છે પરંતુ હું મારા વેકેશનને આનંદથી માણીશ. અમારે વીસ દિવસ સુધી દસમાં ધોરણના એકસ્ટ્રા ક્લાસીસ છે. વળી પાછુ અમારે મે મહિનામાં વેકેશન ચાલુ થશે. તેમાં હું મારું વેકેશન આનંદથી માણીશ. હું વેકેશનમાં મારા સંબંધીઓના ઘરે જઈશ, ફરવા જઈશ અને મારું વેકેશન આનંદ ઉલ્લાસથી માણીશ. વેકેશન પૂર્ણ થવામાં અઠવાડિયું બાકી હોય ત્યારે હું અભ્યાસમાં ધ્યાન દઈશ. હું વેકેશનમાં રોજ ત્રણ કલાક ભણતરમાં ધ્યાન આપીશ અને મારું દસમું ધોરણ ફળદાયી જાય તેવો હું પ્રયત્ન કરીશ.



**પરમાર રાહુલ એલ.**
ધોરણ ૯, રોઝરી એજ્યુકેશન સિસ્ટમ

### મારે મહાબળેશ્વર જાઉં છે?

આ વખતે મારી ૯માં ધોરણની વાર્ષિક પરીક્ષા પૂર્ણ થયા પછી વેકેશનમાં હું રાજ્યકક્ષા લેવલમાં ભાગ લઇશ. જિલ્લા કક્ષાએ આ ચેમ્પિયનશીપ જીત્યા બાદ મારી ઇચ્છા છે કે હું રાજ્યકક્ષાએ પણ આ ચેમ્પિયન શીપ જીતું આના માટે મને વેકેશનમાં પૂરતો સમય પણ મળી જશે. આના સિવાય વેકેશનમાં આપણે ઘણી બધી પ્રવૃત્તિઓ પણ કરી શકીએ જેમકેઃ ક્રિકેટ કોચિંગ, ડ્રોઇંગ ક્લાસીસ વગેરે વેકેશનમાં આપણને નવું જાણવાની તથા શીખવાની તક મળે છે. આપણે બધાએ પોત-પોતાની રૂચિ પ્રમાણે વેકેશનનો સદુપયોગ કરીને નવી વસ્તુઓનું જ્ઞાન મેળવવું જોઈએ. વેકેશનમાં હું મારી આ ચેમ્પિયનશીપમાં ભાગ લીધા બાદ મહાબળેશ્વર પરિવાર સાથે ફરવા પણ જવાનો છું. ત્યાંના ઊંચા તથા રળિયામણા પહાડો, હિલસ્ટેશનો વગેરે ખૂબ જ સુંદર છે. જેનો લ્હાવો લેવોએ ખૂબ જ સુંદર અનુભવ હશે. આ બધી પ્રવૃત્તિઓ કર્યા બાદ હું એક ઉત્સાહ અને ઉંમગ સાથે મારા ૧૦માં ધોરણની શરૂઆત કરીશ.



**ગર પ્રદ્યુમન પી.**
ધોરણ ૯, રોઝરી એજ્યુકેશન સિસ્ટમ

### હું વેકેશનમાં માતા-પિતા સાથે ફરવા જઇશ

ઉનાળાનું વેકેશન એટલે લોકો માટે મોજ, મસ્તી અને આનંદ માણવા માટેના દિવસો ઉનાળાના વેકેશનમાં વિદ્યાર્થીઓ ખૂબ જ આનંદમાં હોય છે. પરીક્ષાની ચિંતા અને એ પરીક્ષા પૂરી થતાં જ બાળકો ખુશ થઈ જાય છે. અને ઉનાળાનું વેકેશન પડતાં જ બાળકો તેમના માતા-પિતા અને કુટુંબ સાથે ફરવા જાય છે. અને પરીક્ષાની ચિંતામાંથી મુક્ત થાય છે. આ વર્ષ મારે નવમું ધોરણ હતું. અને હવે નવામાં ધોરણની પરીક્ષા પૂરી થતા જ મારે એક અઠવાડિયાની રજાઓ પછી દસમું ધોરણ ચાલુ થવાનું છે. તો આ દિવસો દરમિયાન હું દસમાં ધોરણની થોડીક તૈયારી કરીશ અને રજાઓમાં મારા દીદીની મદદ લઈ દસમાં ધોરણમાં ગણિત અને વિજ્ઞાન જેવા વિષયોને શીખવા માટેની પૂર્ણ તૈયારી કરીશ. ધોરણ દસમું મારા માટે જ્વલંત સફળતા આપનારું નીવડે એવી આશા સાથે હું રજાના દિવસોનો પણ ભણવામાં જ ઉપયોગ કરીશ કારણ કે દસમું ધોરણ જ મારા જીવનને સુખદાયી બનાવવાનો પાયો છે.



**ગોહેલ દેવ્યાની જે.**
ધોરણ ૯, રોઝરી એજ્યુકેશન સિસ્ટમ

### ઉનાળાના વેકેશન દરમિયાન બોર્ડની પરિક્ષામાં સફળતા મેળવવાની મારી ઇચ્છા?

ઉનાળાનું વેકેશન એટલે હરવા-ફરવા અને રમવાના દિવસો? ઉનાળાના વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓ ખૂબ જ આનંદ, મસ્તીમાં રહે છે. વિદ્યાર્થીઓ ચિંતા મુક્ત થઈ જાય છે. વિદ્યાર્થીઓની પરીક્ષાઓ પૂરી થતાં બાળકો માતા-પિતા અને આખા કુટુંબ સાથે ફરવા જાય છે.અત્યારે હું નવમાં ધોરણમાં અભ્યાસ કરું છું. અમારી પરીક્ષાઓ ચાલુ જ છે. જેમાં હું પૂરેપૂરી તૈયારી કરું છું. પછી હું દસમાં ધોરણમાં આવીશ. ઉનાળાના વેકેશન દરમિયાન હું દસમાં ધોરણની બોર્ડની પરીક્ષાની તૈયારી કરીશ. હું મારા મોટાભાઈ પાસે ગણિત, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ટેક્નોલોજી જેવા ખૂબ જ અગત્યના વિષયો શીખીશ. દસમું ધોરણ આપણી કારકિર્દી માટે ખૂબ જ અગત્યનો પાયો છે. હું દસમું ધોરણ સારી રીતે પાસ કરું અને મારા માતા-પિતાનું નામ રોશન કરું તેવી મારી ઈચ્છા છે.



**સહાની શિતલ એસ.**
ધોરણ ૯, રોઝરી એજ્યુકેશન સિસ્ટમ

### વેકેશનમાં હું રાજસ્થાન ફરવા જઇશ

હું નવમાં ધોરણમાં અભ્યાસ કરું છું અને મારે અત્યારે પરીક્ષા શરૂ થઈ રહી છે. તો એ તૈયારી ચાલુ છે. અને ત્યાર પછી હું મારા દસમાં ધોરણની તૈયારી કરીશ અને ઉનાળા વેકેશન દરમિયાન હું થોડો સમય વેકેશન માણીશ. ત્યાર પછી દસમાં ધોરણનાં ક્લાસીસ શરૂ કરીશ અને આ દરમિયાન મારો એક જ ધ્યેય રહેશે. કે હું પરીક્ષામાં સારા માર્કસ સાથે ઉતિર્ણ થાઉં અને તેની તૈયારી હું અત્યારથી જ શરૂ કરીશ. મારા વેકેશન દરમિયાન હું બહાર ફરવા જવા વિચારી રહ્યો છું તો મારા પેરેન્ટસે વિચાર્યુ કે તે મને દિલ્લી, આગ્રા અને રાજસ્થાન જોવા લઇ જશે. અને મને તે સ્થળો ખૂબ જ ગમે છે. ત્યાં પણ હું બધા સ્થળો પર મજા માણીશ. અને પાછા ફરી હું મારા ક્લાસીસ અને ભણતર તરફ વળીશ અને દસમાં ધોરણમાં ખૂબ જ સારા પરિણામ સાથે પાસ થવાનો ધ્યેય પૂર્ણ કરીશ.



**મકવાણા જૈત્ર**
ધોરણ ૯, રોઝરી એજ્યુકેશન સિસ્ટમ

### ઉનાળાના વેકેશન દરમિયાન ધોરણ-૧૦માં જ્વલંત સફળતા મેળવવા માટેના મારા સઘન પ્રયત્નો

ઉનાળાનું વેકેશન એટલે મોજ મસ્તી, આનંદ-ઉલ્લાસના દિવસો અને તે ઉપરાંત પરીક્ષા પૂરી થવાની ખુશી. ઉનાળાના વેકેશનમાં ચિંતામુક્ત થઈ મોટા ભાગના લોકો ફરવા હરવા જાય છે. ઘણા લોકો ડ્રોઇંગ ક્લાસીસ, ડાન્સ ક્લાસિસ વગેરે જગ્યાઓએ જાય છે. અને નવી વસ્તુ વિશે જાણવાનો ઉત્સાહ રાખે છે.


હું નવમાં ધોરણમાં અભ્યાસ કરું છું થોડાક દિવસમાં મારી નવમાની પરીક્ષા પૂરી થશે અને વેકેશન પડશે. પરંતુ આ વર્ષે વકેશન ખૂબ જ નાનુ હશે અને દસમું ધોરણ ચાલુ થશે તેની ચિંતા પણ હશે. તેથી આ વખતે હું આ વેકેશનમાં દસમાં ધોરણના ગણિત અને વિજ્ઞાન જેવા વિષયોની તૈયારી કરવા માંડીશ. આ વખતે ધોરણ-૧૦માં જ્વલંત સફળતા મેળવવા માટે હું સઘન પ્રયત્નો કરીશ મને વિજ્ઞાન અને ગણિત વિષય થોડો અઘરો લાગવાથી આ વેકેશનમાં જ હું ક્લાસીસમાં જવા માડીશ અને હું મારું વિજ્ઞાન અને ગણિત સુધારવાનો પ્રયત્ન કરીશ સાથે સાથે બીજા વિષયોની પણ તૈયારી કરીશ. દસમાં ધોરણમાં વધારેમાં વધારે ગુણ લાવવાનો પ્રયત્ન કરીશ. કારણ કે દસમાની બોર્ડની પરીક્ષા આપણી જીંદગીનો પાયો હોય છે વધારે ગુણ લાવી હું મારા માતા-પિતાનું નામ રોશન કરીશ.



**સેહુઆ રૈના આર.**
ધોરણ ૯, રોઝરી એજ્યુકેશન સિસ્ટમ

### હું તમને મારા ઉનાળા વેકેશન વીશે કઇશ?


મારા મીત્રો મારું નામ ઉદય છે. હું તમને તમારા ઉનાળા વેકશન વીશે બતાવીશ, ઉનાળામાં મારા દાદા મને અને મારા ભાઇને ફરવા લઇ જાય. ઉનાળામાં ખૂબ જ ગરમી હોય છે. તેથી મારા દાદા મને અને મારા ભાઇને નાળિયેરનું પાણી પીવડાવે છે. હું ઉનાળા વેકેશનમાં સીમલા, આબુ, મનાલી અને ગોવા ફરવા જવાનો છું. હું ગોવા બીચ પર ફરીશ. હું મનાલીમાં બરફથી રમીશ અને રીવર રફટિંગ કરીશ અને રાજકોટ મહારાજા એક્સપ્રેસમાં પાછો આવીશ અને એલડોરાડોમાં જઇશ.




**ઉદય**
ધોરણ ૩, વિદ્યાનિકેતન સ્કુલ, રાજકોટ

### તમે તમારું ઉનાળાનું વેકેશનમાં શું કરશો?

હેલ્લો મિત્રો મારું નામ દિવા છે. તમને ખબર છે કે એક દિવસ મારા મિત્રો મને પૂછતાં હતા કે તું તારા ઉનાળાના વેકેશનમાં શું કરીશ? મે કહ્યું કે તે તો મારા પપ્પા મને કહેશે. એક દિવસ મે મારા પપ્પાને પુછ્યું કે પપ્પા આજે મારું છેલ્લું પેપર છે. મારા પપ્પાએ મને કહ્યું બોલ તારે ક્યા જવું છે. તો મે કહ્યું કે મારે વંડરાલા, ગોવા, મનાલી અને શીમલા જવું છે. તમને ખબર છે ઉનાળામાં બહુ ગરમી લાગે અને એમા પણ કેરી આવે છે. બધા છોકરાઓને કેરી બહુ ભાવે છે.



**દિવા**
ધોરણ ૩, વિદ્યાનિકેતન સ્કુલ, રાજકોટ



# સમસ્યાઓ સામે લડવાનો સાચો રસ્તો

**આપણા બધાના જીવનમાં પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓરૂપી બ્રહ્મરાક્ષસ આવે છે. આ પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓ સામે આપણે જેટલા રડ્યા રાખીએ એટલું જ એનું કદ વધતું જાય અને એક સમય એવો આવે કે એ આપણને મારી નાખે- ખલાસ કરી દે.**

વેદવ્યાસજીએ મહાભારતમાં બહુ સરસ પ્રસંગનું વર્ણન કરેલ છે. એકવાર કૃષ્ણ, બલરામ અને સાત્યકિ (સાત્યકિ દ્વારકાનો મોટો યોદ્ધો હતો.) જંગલમાં ફરવા માટે ગયા. સાંજ પડવા આવી અને રસ્તો ભૂલી ગયા. કૃષ્ણએ કહ્યું, "આપણે જંગલમાં જ રાતવાસો કરીએ અને સવારે સૂર્યોદય થાય ત્યારે રસ્તો શોધીશું. રાત્રે આપણી સલામતી માટે આપણે એવું નક્કી કરીએ કે રાતના ત્રણ સરખા ભાગ કરીને ત્રણે વ્યક્તિનો જાગવાનો વારો કાઢીએ. એક જાગે અને બાકીના બે સૂતેલાની રક્ષા કરે."

પ્રથમ સાત્યકિનો જાગવાનો વારો હતો. એ સમયે બ્રહ્મરાક્ષસ આવ્યો. સાત્યકિએ એની સાથે લડાઈ શરૂ કરી. સાત્યકિ બ્રહ્મરાક્ષસને બરોબરની ફાઈટ આપતો હતો. આ લડાઈમાં જ્યારે સાત્યકિને વાગે એટલે એ દર્દની ચીસ પાડે. એનું પરિણામ એ આવે કે સાત્યકિની ચીસથી બ્રહ્મરાક્ષસનું કદ મોટું થાય અને કદ મોટું થવાથી આવનારા મુક્કાની તાકાત વધી જાય. સાત્યકિનો જાગવાનો સમય પૂરો થયો એટલે એમણે તુરંત જ બલરામને જગાડ્યા. હવે બલરામે આ રાક્ષસ સામેની લડાઈ ચાલુ કરી પરંતુ સાત્યકિએ કર્યું એવું જ બલરામે કર્યું. બલરામને પણ વાગે એટલે દર્દની ચીસ પાડે અને પેલા બ્રહ્મરાક્ષસનું કદ મોટું થાય. એમનો સમય પૂરો થયો એટલે એમણે કૃષ્ણને જગાડ્યાં.


કૃષ્ણએ બ્રહ્મરાક્ષસ સાથેની આ લડાઈમાં નવી વ્યૂહરચના અપનાવી. પોતાને જ્યારે તક મળે ત્યારે પેલા રાક્ષસને બરાબરનો મારી લે અને રાક્ષસ મારે તો સામે જોઈને ખડખડાટ હસે. એનું પરિણામ એ આવ્યું કે પેલા બ્રહ્મરાક્ષસનું કદ નાનું થવા લાગ્યું અને થોડા સમયની લડાઈમાં એનું કદ નાની પૂતળી જેવું થઈ ગયું. પછી કૃષ્ણએ બહુ જ આસાનીથી પેલા પૂતળી જેવા બ્રહ્મરાક્ષસની ગરદન મરડીને મારી નાખ્યો.

મહાભારતના આ પ્રસંગ દ્વારા વ્યાસજી જીવનનો બહુ જ મોટો સંદેશો આપી જાય છે. આપણા બધાના જીવનમાં પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓરૂપી બ્રહ્મરાક્ષસ આવે છે. આ પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓ સામે આપણે જેટલા રડ્યા રાખીએ એટલું જ એનું કદ વધતું જાય અને એક સમય એવો આવે કે એ આપણને મારી નાખે- ખલાસ કરી દે. પરંતુ જો આ પ્રશ્નો, પડકારો અને સમસ્યાઓ સામે હસતા રહીએ તો એક સમય એવો આવે કે એનું કદન નાની પૂતળી જેવું થઈ જાય અને આપણે એને મારી શકીએ.



**શૈલેષ સગપરીઆ**
ડાયરેક્ટર સ્પીપા, રાજકોટ

# વેકેશન એટલે.... મિત્રો સાથે ફૂલ ટુ મસ્તી અને ધમાલ



હેલો ફ્રેન્ડ! કેમ છો? મજામાં જ હશો. મારી જેમ તમે પણ ધી ઓપન પેજ વાંચતા હશો એટલે મજામાં તો હોવ જ. ને.

અરે! હા વેકેશન આવી રહ્યું છે. મારા મતે વેકેશન એટલે આપણા જેવા સ્ટુડન્ટસ માટે મજાની મૌસમ. આમ તો સ્કૂલ ચાલુ હોય તો વહેલા ઊઠવાનો કંટાળો આવે, પણ વેકેશન હોય તો આપો આપ આંખ ખુલી જાય. મિત્રો સાથે ફૂલ ટુ મસ્તી અને ધમાલ, પણ હા ખાલી મસ્તી જ નહિ વેકેશન તો આપણા માટે ઘણું બધું નવું નવું શીખવાનો મોકો આપે છે. હું તો આ વેકેશનમાં ગિટાર વગાડતાં શીખીશ. વાંચવાનો ઘણો શોખ છે. મને એટલે આ વખતે મારે ઘણી બધી નોવેલ્સ અને ગઝલો વાંચવી છે. સ્કૂલ ચાલુ હોય એટલે તો ટાઈમ નથી મળતો પણ વેકેશનમાં સવારે વહેલા સાઈકલિંગ કરવી છે. સવારના મસ્ત ઠંડા પવનને મહેસૂસ કરવો છે. અને સાંજે બગીચામાં લટાર મારતાં મારતા મનમાં જે વિચારો આવે તેના પર કવિતાઓ લખવી છે. જૂના મિત્રોને મળીને ગપ્પા મારવા છે. અને હા ધો.૧૨ આવે છે તો થોડો ટાઈમ ભણવા માટે તો ખરો જ વેકેશનમાં હલ્દીઘાટી જવું છે અને મહારાણા પ્રતાપના શૌર્ય અને પરાક્રમની ગાથાઓ ફરી એકવાર સાંભળવી છે. એ પવિત્ર ધરતી માં મારે ભારતના ભવ્ય ભૂતકાળને માણવો છે. મારી ઈચ્છા જજ બનવાની છે એટલે મિત્રો જોડે વકીલ-વકીલ રમવું છે. ટીવી અને મોબાઈલ બાજુ પર મૂકીને થપ્પો, પકડદાવ ને સતલિયું રમવું છે. મે તો કહી દીધુ, હવે મિત્રો તમે પણ કહો કે તમે તમારૂ વેકેશન કઈ રીતે વિતાવશો??



**જોષી નૈયા**
**ધો. ૧૧, શ્રી કે. એન. શાહ હાઈસ્કૂલ મોડાસા**

## ગુરૂપૂનમનો પાવન દિવસ

ગુરૂપૂનમના પાવન દિવસે
શીશ જુકાવી નમું છું,
અફાટ સાગરમાં માત્ર
હું તો બુંદ સમુ છું.
આપની જીભ પર નિશદિન
વિદ્યા સરતી લાગે છે,
ગ્રહણ કરી એ ને અમ
"નયા" તરતી લાગે છે.
અમ મસ્તિષ્કમાં બસ
આપના જ પાઠ ચમકે છે,
શીખવેલું સઘળું ગ્રહણ કરવા
અમ સૌના મન લપકે છે.
આપના સાંનિધ્યમાં જાણે
ચારેકોર અજવાશ છે,
ક્યારેક ગૌરવ આપવી શકીએ
આપને
એવી જ અમારી આશ છે.
વિદ્યાદાન આપજો અમને
એમ વારંવાર હું વિનવું છું,
આપનો ખૂબ ખૂબ આભાર
એમ કહી હું વિરમું છું.

## કાગળિયામાં છે

લાખ પ્રશ્ન ઝળઝળિયામાં છે,
'લખાણ શું કાગળિયામાં છે?'

સૂકી તુલસી લીલી થઈ ગઈ,
કોણ આ આવ્યું ફળિયામાં છે?

વરસાદ વિના પણ ટપકે નેવાં,
શાની ભીનપ નળિયામાં છે?

કેદ થઈ જો જરા સ્મરણમાં,
ઘણી સુંવાળપ સળિયામાં છે.

મારામાં ડૂબીને જુઓ,
ઉપર છે એ તળિયામાં છે.

**-અનિલ ચાવડા**

The Open Page
Inspired Learning
SINCE - 1968
Address : 4th Floor, Vishwa Arcade, Opp. Kumkum Party Plot, Nr. Akhbarnagar Circle, Ahmedabad. Phone : 079-27621385/6
PHOTO

**લવાજમ ફોર્મ**

લવાજમ ભરનાર નું નામ :
પિતાનું નામ :
અટક :
મોબાઈલ નંબર :
ફોન નંબર :
ઇ-મેઈલ આઈ.ડી. :
સ્કૂલનું નામ :
ધોરણ વર્ગ વર્ગ
ઘરનું સરનામું :
શહેર રાજ્ય પિન કોડ નંબર
જન્મ તારીખ : D D M M Y E A R
લવાજમ ભર્યા તારીખ :

**લવાજમ રકમ : ૨૦૦/-**

**લવાજમ કઇ રીતે ભરશો : રોકડા ☐ ચેક ☐ ડીમાન્ડ ડ્રાફ્ટ ☐**

**(જો ચેક કે ડીમાંડ ડ્રાફ્ટ આપો તો ધી ઓપન પેજના નામે આપવો)**

લવાજમ ભરનારની સહી



SUBSCRIBE 99250 32168 THE OPEN PAGE

Website : www.theopenpage.co.in | Email : theopenpage@tripada.com.
Facebook : www.facebook.com/theopenpage

# અકબરે બિરબલના બાળકોની પરીક્ષા લીધી



એક દિવસ અકબર રાજાને વિચાર આવ્યો કે, બિરબલ તો ચતુર અને હાજર જવાબી છે, પરંતુ બિરબલનાં બાળકો કેવા હોંશિયાર હશે? આ પ્રશ્નનું નિરાકરણ કરવા અકબર રાજાએ વિચાર્યું.

એક દિવસ જ્યારે બિરબલ કશા કામ અર્થે બહાર ગામ ગયો હતો ત્યારે અકબરે બિરબલનાં ઘરે જઇને તપાસ કરવાનું નક્કી કર્યું.

અકબર બિરબલનાં ઘરે ગયો ત્યારે બિરબલનાં ઘરનાં વરંડામાં રમતા બિરબલનો મોટો પુત્ર અકબરને જોઇને બોલ્યો 'આ આવ્યો'

ત્યારે નાનો પુત્ર બોલ્યો 'પરંતુ તેને નથી' અને અંતે બિરબલની દીકરી બોલી 'એ તો કોઈ ને હોય અને કોઈને ન હોય'

અકબર રાજા બિરબલનાં બાળકોની આ પ્રકારની વાતો સમજી શક્યો નહીં. અને તે ત્યાંથી જ રાજદરબારમાં પરત ફર્યા.

અકબર આખી રાત બિરબલનાં બાળકોની વાત-ચીત પર વિચારે ચડ્યો, તેને નિંદર ન આવી. બીજા દેવસે દરબારમાં તેણે એ ત્રણે વાક્યોનો અર્થ બતાવવા દરબારીઓને કહ્યું. દરબારમાંથી કોઈ પણ બિરબલનાં બાળકોની વાતચીતનો યોગ્ય અર્થ બતાવી ન શક્યું. અંતે અકબરે બિરબલને પૂછ્યું ત્યારે બિરબલ બધુ સમજી ગયો.

બિરબલે અકબરને પૂછ્યું 'તમે કોઈનાં ઘરમાં પૂછ્યા વગર પ્રવેશ કર્યો હતો?'

અકબરે કહ્યું 'હા બિરબલ, પરંતુ તું મને આ ત્રણ વિચિત્ર વાક્યોનાં અર્થ કહે.'

ત્યારે બિરબલ બોલ્યો, મહારાજ પ્રથમ વાક્ય 'આ આવ્યો' નો અર્થ થાય છે... "આ ગધેડો આવ્યો"

કારણ કે મહારાજ તમે તે ઘરનાં સભ્યોને પૂછ્યા વગર તેનાં ઘરમાં પ્રવેશ કર્યો હતો. સાચુ ને મહારાજ?

અકબરે કહ્યું કે બરોબર છે.

બિરબલે બીજા વાક્ય 'પરંતુ તેને નથી' નો અર્થ કહ્યો કે... 'પરંતુ તેને પુછડું નથી'

અને ત્રીજા વાક્ય 'એ તો કોઈ ને હોય અને કોઈને ન હોય'નો અર્થ 'પૂછડું કોઈને હોય કોઈને ન હોય'

બિરબલના જવાબ સાંભળીને અકબર રાજાને ખાત્રી થઈ ગઈ કે બિરબલનાં બાળકો પણ બિરબલ જેવા જ ચતુર અને હાજર જવાબી છે. ત્યાર બાદ અકબરે કદી પણ બિરબલનાં બાળકોની બુદ્ધિની ખાત્રી કરવાની કોશીશ કરી નહીં.

## ઉખાણા

**ચાલો મિત્રો આજે આપણે આપણા બાળપણમાં વિચારી જઇ અને સરસ મજાના ઉખાણાની રમત રમીએ. ચાલો તો શરૂ કરીએ તમને મન ગમતાં પાંચ ઉખાણા અમે આપી રહ્યાં છીએ...**

એક આંધળું ચકડોળ
જે બંને દિશાથી ચાલે,
જ્યાં જ્યાં ઊભું રહે ત્યાં
હજાર ઇંડાં આપે.

બે ભાઇ સાથે જ દોડે,
પણ પકડાય નહીં કે
ભેગા પણ ન થાય.

બળતા પેટમાં નીકળે ધુમાડાના ઢગ, છાણાં, લાકડાં
કોલસા ખાઇને જીવાડે જે જગ.


એક ભગત ભોળો
જે રંગનો છે ધોળો,
નદીકિનારે ગોવિંદ
ભજતો, કાઢે મચ્છર
ગોળો.

એક જળકૂકડી એવી
જે ડબક ડૂબકી મારે,
પચાસ માઇલ પાણીમાં
ચાલે, તોપના ગોળા
ખાળે.


ઝડપવાળો જમાદાર સવારીમાં પૂરો, રથ-ગાડીમાં
ઉપયોગી લડાઇમાં શૂરો.

**જવાબઃ -ઇલેક્ટ્રિક સેલવે, પેંડા, ચૂલો, બગલો, સબમરીન, ઘોડો**

## નીચે આપેલા એક સરખા બે ચિત્રોમાં સાત તફાવત છે તે શોધો



## ટપકા જોડો અને રંગ પૂરો



## ગણિતની ગમ્મત

**નીચેના ચોરસમાં ત્રણ આંકડા મૂક્યાં છે ને બીજા ચોરસ ખાલી છે તો હવે એ ખાલી ખાનામાં તમે એવા આંકડાં ભરો કે જેથી આડો અને ઊભો સરવાળો ૩૩ જ થાય.**

| | | |
|---|---|---|
| ૧૭ | | |
| | ૧૧ | |
| | | ૫ |

જવાબ: ૧૭-૧૦-૧૫, ૯૦-૧૧-૧૩, ૦૭-૨૧-૦૫



## જો જો પાછા હસતા નહી

### ગણિત...

**ટીચરઃ** (રામુના ઘર પાસેથી નીકળતી વખતે) રામુ, તું કેમ ગણિતનું હોમવર્ક નીચે બેસીને કરી રહ્યો છે?
**રામુઃ** સર, તમે જ તો આજે કહ્યું કે હોમવર્ક કરવામાં ટેબલનો ઉપયોગ ન કરતા!!

### પ્રાર્થના...

**ટીનુઃ** પપ્પુ તું જમતા પહેલા ભગવાનની પ્રાર્થના કરે છે?
**પપ્પુઃ** ટીનુ મારે એવી જરૂર પડતી નથી, કેમ કે મારા ઘરે મમ્મી નહીં પણ મહારાજ રસોઈ બનાવે છે!!

### નાપાસ...

**નટુઃ** યાર, હું નાપાસ થયો છું એ મારા પપ્પાને કઈ રીતે કહું?
**ગટુઃ** સિમ્પલ છે યાર, ઘરે પત્ર લખીને જણાવી દે કે ગત વર્ષનું પરફોર્મન્સ આ વર્ષે પણ રિપીટ થયું છે!!

### નોર્થ અમેરિકા...

**શિક્ષકઃ** શામુ, આ મેપ જો અને તેમાંથી નોર્થ અમેરિકા શોધી આપો!
**શામુઃ** (નોર્થ અમેરિકાના નકશા પર બતાવીને) સર આ છે નોર્થ અમેરિકા.
**શિક્ષકઃ** સાબાસ શામુ, હવે એ કહે કે આ ખંડ કોણે શોધ્યો?
**શામુઃ** સર, ઓફકોર્સ શામુએ જ તો!!

### ગાંધીજી...

**શિક્ષકઃ** બંટી આટલો માર ખાય છે તો પણ તું કેમ હસી રહ્યો છે?
**બંટીઃ** સર મેં ગઇ કાલે જ ગાંધીજીની પુસ્તક વાંચી હતી. તેઓ કહેતા કે મુશ્કેલીનો સમય હસીને પસાર કરવો જોઈએ!

દુનિયાના ભલા માટે નહિ, મજા પડે એ માટે લખો. લેખન એ કોઈ સિરિયસ પ્રોસેસ નથી. ઈટસ જોય એન્ડ સેલિબ્રિટી **-રે બ્રેડબરી**




કરન ગોસ્વામી
ધોરણ-૨, ત્રિપદા ઇંગ્લિશ સ્કુલ



સ્નેહા મહેતા
ધોરણ-૫, લિટ્લ ફ્લાવર સ્કુલ




વંશિકા દારૂકા
ધોરણ-૫, દિલ્હી પબ્લિક સ્કુલ, ગાંધીનગર



દક્ષ શાહ
ધોરણ-૬, ધ રોઝરી સ્કુલ, રાજકોટ




હિરેન પટેલ
ધોરણ-૧, ગ્લોબલ મિશન ઇન્ટરનેશનલ સ્કુલ



વૈભવ મહેતા
ધોરણ-૫, ડિવાઇન લાઇફ ઇન્ટરનેશનલ સ્કુલ



યશ્વી પટેલ
ધોરણ-૮, અર્જુન ઇંગ્લિશ સ્કુલ




રિંકલ ઝાલા
ધોરણ-૮, ત્રિપદા ગુરૂકુલમ, વિરમગામ




ક્રિશ, કેતન
ધોરણ-૭, એસ.એસ. આર. વી. એમ




માહી પટેલ
ધોરણ-૬, ધ રોઝરી સ્કુલ, રાજકોટ



આત્મીક જેઠવા
ધોરણ-૫, ત્રિપદા હાઇ સ્કુલ




આશુતોષ બાર્વે
ધોરણ-૪, આત્મન ઇન્ટરનેશનલ સ્કુલ

બાળમિત્રો, અહીં ભારતનાં વૈજ્ઞાનિકોનાં નામ આ ચોકઠામાં છુપાયેલા છે, એ તમે શોધી લેશોને...


| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ત્રિ | ભુ | વ | ન | દા | સ | ગ | જ્જ | ર |
| આ | ર્ય | ભ | ટ્ટ | ભા | સ્ક | રા | ચા | ર્ય |
| સ | લી | લા | વ | તી | ન | ર | વ | રા |
| ત્યે | રા | જા | રા | મ | ન્ના | વ | રા | મા |
| ન્દ્ર | અ | બ્દુ | લ | ક | લા | મ | હ | નુ |
| ના | વા | ગભ | ટ | ચ | ર | ક | મિ | જ |
| થ | બ્ર | હ્મ | ગુ | પ્ત | ક | ણા | હિ | ન |
| બો | મે | ઘ | ના | થ | ર | દ | ર | મ |
| ઝ | જ | ગ | દિ | શ | ચં | દ્ર | બો | ઝ |
| હ | ર | ગો | વિં | દ | ખુ | રા | ના | ટ |
| જ | ચ | વૈ | કૈ | ટ | રા | મ | ન | ન |

**વૈજ્ઞાનિકોનાં નામ**

આર્યભટ્ટ
ચરક
કણાદ
સત્યેન્દ્રનાથ બોઝ
રાજા રામન્ના
મેઘનાથ
બ્રહ્મગુપ્ત
અબ્દુલ કલામ
જગદિશચંદ્ર બોઝ
લીલાવતી
વાગભટ
હરગોવિંદ ખુરાના
ત્રિભુવનદાસ ગજ્જર
ભાસ્કરાચાર્ય
વરાહ મિહિર
રામાનુજ
વૈકેટ રામન

## રસ્તો શોધવામાં મદદ કરો

બાળકો બગલાને ભૂખ લાખી છે, તેને માછલી સુધી પહોંચવામાં મદદ કરો?




# ભારત ઉપરાંત કયા દેશોએ વાઘને રાષ્ટ્રીય પ્રાણીનો દરજ્જો આપ્યો છે?



વાઘ એટલે કે ટાઈગરને આપણા દેશમાં રાષ્ટ્રીય પ્રાણીનો દરજ્જો આપવામાં આવ્યો છે. ભારત સિવાય વિશ્વના અન્ય એવા દેશો પણ છે કે જ્યાં વાઘ રાષ્ટ્રીય પ્રાણીનો માન-મરતબો ભોગવે છે.

- ભારતમાં પહેલાં સિંહને રાષ્ટ્રીય પ્રાણીનું સન્માન આપવામાં આવતું હતું. સિંહે ૧૯૬૯થી ૧૯૭૨ સુધી આ દરજ્જો ભોગવ્યો અને પછી ૧૯૭૨થી વાઘને આ સન્માન અપાયું છે.
- વાઘની સંખ્યામાં થઈ રહેલા ઘટાડા પછી ભારત સરકારે એપ્રિલ ૧૯૭૨માં 'મિશન પ્રોજેક્ટ ટાઈગર' શરૂ કર્યું અને ત્યાર બાદ નવેમ્બર, ૧૯૭૨થી વાઘને રાષ્ટ્રીય પ્રાણીનું સન્માન અપાયું.
- ભારતના પાડોશી દેશ બાંગ્લાદેશમાં પણ વાઘને રાષ્ટ્રીય પ્રાણીનો દરજ્જો ભોગવવા મળે છે.
- આ સિવાય દક્ષિણ કોરિયા, મલેશિયા, મ્યાનમાર અને વિયેતનામમાં વાઘને રાષ્ટ્રીય પ્રાણી તરીકેનું સન્માન મળે છે.
- રહી વાત સિંહની તો સિંહ પાસેથી ભારતમાં ભલે રાષ્ટ્રીય પ્રાણીનો દરજ્જો છીનવાયો હોય, પણ વિશ્વના અન્ય ઘણા દેશોમાં સિંહ આ માન-પાન મેળવે છે.
- ઈંગ્લેન્ડ, સ્વીડન, નેધરલેન્ડ, મોરોક્કો, યુથોપિયા અને લાઈબિરિયા જેવા અડધો ડઝન જેટલા દેશોમાં સિંહ આજેય રાષ્ટ્રીય પ્રાણીનું સન્માન મેળવે છે.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 8 | 7 | | 5 | | | 6 | |
| 9 | | | 4 | | | | | 3 |
| 2 | | 6 | | 8 | 9 | 5 | | |
| | | 4 | | 1 | 5 | 6 | | |
| 1 | | | | | 4 | | 5 | |
| | 7 | 8 | 2 | | | | | |
| | | | | | 8 | | 7 | |
| 7 | 5 | | | | | | 3 | |
| | 2 | | | 3 | 7 | 4 | 1 | |

બાજુમાં નવ નવનું ચોરસ છે. તેના દરેક 3 3ના બોક્સમાં તમારે ૧થી ૯ના આંકડા ભરવાના છે. એક પણ આંકડો રિપીટ ન થવો જોઈએ. એ જ રીતે ચોરસની દરેક આડી અને ઊભી લાઇનનાં નવ ખાનામાં પણ ૧થી ૯ના આંકડા ભરવાના છે, આંકડો રિપીટ કર્યા વગર. જે 3 3ના બોક્સમાં સૌથી ઓછાં ખાલી ખાના હોય ત્યાંથી ભરવાનું શરૂ કરો. આ રમતનો માત્ર એક જ ઉકેલ છે. આજની રમતનો જવાબ નીચે આપેલો છે. તો તૈયાર છો ને?

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 8 | 7 | 3 | 5 | 1 | 9 | 6 | 2 |
| 9 | 1 | 5 | 4 | 2 | 6 | 7 | 8 | 3 |
| 2 | 3 | 6 | 7 | 8 | 9 | 5 | 4 | 1 |
| 3 | 9 | 4 | 8 | 1 | 5 | 6 | 2 | 7 |
| 1 | 6 | 2 | 9 | 7 | 4 | 3 | 5 | 8 |
| 5 | 7 | 8 | 2 | 6 | 3 | 1 | 9 | 4 |
| 6 | 4 | 3 | 1 | 9 | 8 | 2 | 7 | 5 |
| 7 | 5 | 1 | 6 | 4 | 2 | 8 | 3 | 9 |
| 8 | 2 | 9 | 5 | 3 | 7 | 4 | 1 | 6 |

## રંગ પૂરણી

**ધોરણ ૧ થી ૪ સુધીના જ વિદ્યાર્થીઓએ ચિત્રમાં રંગ પૂરી અમને ૨૦-૦૪-૨૦૧૬ સુધીમાં નીચેના સરનામે મોકલી આપવો.**
ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, અખબારનગર પાસે, નવાવાડજ, અમદાવાદ-૧૩


**શ્રેષ્ઠ રંગ પૂરણીને ભેટ**

**નામ:** ____________________

**સ્કૂલનું નામ:** ____________________

**ધોરણ:** ____________ **મો.નં.:** ____________

ફોટો



# ગરમ પાણીથી જલદી બરફ કેમ બને છે?

**સાયન્સ ઝોન**

ગરમ પાણીનો જલદીથી બરફ થાય તે બાબત માનવામાં આવે એવી નથી, પરંતુ વૈજ્ઞાનિક રીતે તદ્દન સાચી વાત છે. આવું કેમ બને છે તે જોઈએ. ગરમ પાણીના રેણુ ગરમીને કારણે જલદીથી છૂટા પડે છે એટલે કે બાષ્પીભવન થાય છે. આપણે જાણીએ છીએ કે પાણીનો સરેરાશ રેણુ એક જગ્યાએ સ્થિર રહેતો નથી, પરંતુ પાણીમાં જ આમથી તેમ અથડાતો રહે છે. ફ્રીજમાંના કન્ડેન્સરમાં ગરમ પાણી વહેલું થીજે છે તેનું કારણ રેણુની ઝડપ છે. જો રેણુને બાહ્ય ઊર્જા મળે તો રેણુની ઝડપ વધે છે. ગરમ પાણીનો રેણુ ઉષ્મા ઊર્જાને કારણે ઝડપથી પાણીને છોડીને હવામાં જાય છે. ગરમ પાણીનું બાષ્પીભવન ઝડપી બનવાનું આ જ કારણ છે. બાષ્પીભવન થાય ત્યારે પાણીના રેણુ પાણીમાંથી વછૂટે છે સાથે સાથે પાણીની ઉષ્માશક્તિ પણ લેતા જાય છે. ફ્રીજમાં બરફની ટ્રેમાં તળિયે ગરમ પાણીનો જથ્થો જલદીથી સપાટી પર આવે છે અને ઝડપથી બાષ્પીભવન પામે છે. તેથી થોડા સમયમાં વધુ બાષ્પીભવન થાય છે. ઠંડા પાણીમાં આ ક્રિયા ધીરેથી થાય છે. આમ ટ્રેમાં ગરમ પાણીનો બરફ જલદી થાય છે.



# સરસ્વતી સ્કૂલમાં આંતરરાષ્ટ્રીય વન્ય દિવસ તથા વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરવામાં આવી

સરસ્વતી સ્કૂલમાં આંતરરાષ્ટ્રીય વન્ય દિવસ તથા વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સરસ્વતી સ્કૂલના સંચાલકો શ્રી પ્રદીપભાઈ ખીમાણી, શ્રી જગદીશભી ખીમાણી, શ્રી નરેશભાઈ ખીમાણી, શ્રી રઘુભાઈ ખીમાણી, વનવિભાગમાંથી આર.એફ.ઓ. મારૂ નિસર્ગ નેચર ક્લબના પ્રમુખ ડૉ. પાર્થભાઈ ગણાત્રા તથા સેક્રેટરી મુળુભાઈ વાળા, કોર્પોરેટર શ્રી નિર્ભયભાઈ પુરોહિત, લોક સાહિત્યકાર શ્રી અમુદાનભાઈ ગઢવી, શ્રી કિરણભી પુરોહિત, શ્રી કિશોરભાઈ ચોટલીયા, શ્રીમતી રૂપલબેન લખલાણી, શ્રીમતી નિશાબેન નાણાવટી ઉપસ્થિત રહ્યા હતા.











# ડી.પી. હાઇસ્કૂલની સુવર્ણ જયંતિની ઉજવણી નિમિતે ઉજવેલા સ્વર્ણિમ ભારત વાર્ષિકોત્સવની ઉજવણી












અમદાવાદ શહેરની નવાવાડજ વિસ્તાર ખાતે ડી.પી. હાઇસ્કૂલની સ્થાપનાના ૫૦માં વર્ષની ઉજવણી નિમિતે અમદાવાદ શહેરના ઐતિહાસિક સ્થળ રિવરફ્રન્ટ ખાતે તારીખ ૫,૬ અને ૭ માર્ચના રોજ અદ્દભૂત વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી....

ગૂજરાતમાં પ્રથમ વાર ૪૮૦૦ સ્કેવર ફૂટના સ્ટેજ પર ૧૪૦૦ સ્કેવર ફૂટની LED સ્ક્રીન સામે કમ્પ્યૂટર ગ્રાફીકસ અને ૪કે ટેકનોલોજીના સથવારે ૨૦૦ ટેકનોકેટસની મદદથી રાષ્ટ્રીય કક્ષાને ઇવેન્ટ કરવામાં આવી ભારતના ૭૦૦૦ વર્ષના ઇતિહાસને રામ થી કલામ સુધીની યાત્રાને અદ્દભૂત રીતે સાંસ્કૂતિક કાર્યક્રમના માધ્યમથી મૂકવામાં આવી હતી.


સમગ્ર કાર્યક્રમમાં ૧૦૦૦ કરતાં પણ વધુ બાળકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી ઓ.પી.કોહલી, રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્ય દ્વારા દિપ પ્રાગટ્ય તથા અદ્દભૂત પ્રવચન આપી કાર્યક્રમની શરૂઆત થઇ હતી.

૧ કલાક ૩૦ મિનિટ સુધી રાજ્યપાલશ્રીએ સમગ્ર કાર્યક્રમને નીહાળ્યો હતો. અને સમગ્ર કાર્યક્રમના આયોજન બદલ ટ્રસ્ટી, આચાર્યશ્રી તથા શિક્ષકો- બાળકોને શાબ્દિક પ્રવચનથી બિરદાવ્યા હતા. સાબરમતી રીવરફ્રન્ટ પર ૨૪,૦૦૦ જેટલી જનમેદની વચ્ચે ઉજવાયેલા ત્રિદિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજીને અમદાવાદ શહેરની પ્રથમ શાળા બનીને માઇલ સ્ટોન ઉભું કરેલ છે.

રામ થી કલામ સુધીની યાત્રાને અદ્દભૂત રીતે કોઇપણ પ્રકારના બ્રેક વગર ૨ કલાક સુધી શાળાના ૯૨૨ જેટલા બાળકોએ પોતાનું અદ્દભૂત પરર્ફોમ્સ આપીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

સમગ્ર કાર્યક્રમમાં માનનીય શ્રી ઓ.પી.કોહલી રાજ્યપાલશ્રી ગુજરાત રાજ્યની ઉપસ્થિતિ શાળા માટે એક યાદગાર અવિસ્મરણીય બની રહેશે અને ખરા અર્થમાં ૫૦માં વર્ષની જયંતીની થીમ સ્વર્ણિમ ભારતની સાર્થક પુરવાર થઇ હતી.







Printed and published by ARCHIT LABHUBHAI BHATT on behalf of TRIPADA EDUCATION TRUST and Printed at Divya Bhaskar Print Plant, plot No. 148, Po. Vasna-Chachravadi, B/h. L&T Plant, Bavla-Changdor Road, Dist: Ahmedabad-382210 and published from TRIPADA EDUCATION TRUST Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad. ● Editor- ARCHIT LABHUBHAI BHATT